# AVQ-1

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **ASSISTANT (SAHAYAK), Class-III, (GMDC)** |
| **Advertisement No.** | **39/2020-21** |
| **Preliminary Test held on** | **13-08-2021** |
| **Question No.** | **001 – 200** |
| **Publish Date** | **13-08-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **20-08-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 14-08-2021; 4:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.
(2) Question wise suggestion should be uploaded along with the details in the prescribed format (**suggestion sheet**) published on the website / online objection submission system.
(3) All suggestions are to be submitted with reference to the options and answers given in the Provisional answer key (Master Question Paper with answer), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the provisional answer key.
(4) Suggestions regarding question nos. and options other than provisional answer key shall not be considered.
(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if answers given in the answer sheet and submitted suggestions are differed.
(6) Objection for each question should be made on separate suggestion sheet. Objection for more than one question in single suggestion sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ વાંધા-સૂચન પત્રક **(Suggestion Sheet)**ના નમૂનાનો જ ઉપયોગ કરવો અને પોતાના વાંધા સૂચન સાથે સજેશન શીટ વિગત ભરીને અપલોડ કરવી.
(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.
(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.
(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.
(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક **(Suggestion Sheet)** વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : http://150.129.165.5/GPSC_Suggestion/**

001. આરંભિક ઐતિહાસિક કાળના સોળ મહાજનપદોમાં નીચેના પૈકી કયા જનપદોનો સમાવેશ થાય છે ?

1. કોસલ 2. મગધ 3. મલ્લ

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

002. ગૌતમ બુધ્ધ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ગૌતમ બુધ્ધે વારાણસી પાસે આવેલા ઋષિપત્તન (સારનાથ) જઈને બોધિના ઉપદેશ દ્વારા ધર્મચક્ર પ્રવર્તાવ્યું.
2. તેમણે રાજગૃહ, નાલંદા, શ્રાવસ્તી, કપિલવસ્તુ, વૈશાલી, કોશામ્બી, પંચાપ ઇત્યાદિ સ્થળોએ વિહાર કરતા રહી ધર્મોપદેશ આપ્યો.
3. છેવટે તેઓ ગયા ખાતે પરિનિર્વાણ પામ્યાં.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

003. પ્રાચીન ભારતમાં વિવાહપધ્ધતિ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ગોદાનના બદલામાં મેળવાતી કન્યા સાથેના લગ્નને ‘‘આર્ષ વિવાહ’’ કહેતા.
(B) બ્રાહ્મ વિવાહમાં કંઈપણ પરિગ્રહ કે અપેક્ષા વિના વિભૂષિત કન્યાનું દાન દેવામાં આવે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

004. ચંદ્રગુપ્ત મૌર્ય અને સેલ્યુકસ વચ્ચે થયેલ સંધિ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સેલ્યુકસે કાબુલ, કંદહાર, હેરાત અને બલૂચિસ્તાનના પ્રદેશ ચંદ્રગુપ્તને સુપ્રત કર્યા.
2. સેલ્યુકસે પોતાની પુત્રી ચંદ્રગુપ્ત સાથે પરણાવી મૌર્ય સમ્રાટ સાથે લગ્નસંબંધ બાંધ્યો.
3. ચંદ્રગુપ્તે સૌરાષ્ટ્ર અને કચ્છનો પ્રદેશ સેલ્યુકસને સુપ્રત કર્યો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

005. મૌર્યકાલીન પ્રશાસનમાં કોશનો કારભાર કરનાર .......... કહેવાતો.

(A) સમાહર્તા
(B) મંત્રી
(C) સંનિધાતા
(D) યુવરાજ

006. ચંદ્રગુપ્ત પહેલાં પછી એનો પુત્ર .......... ગાદીએ આવ્યો.

(A) ચંદ્રગુપ્ત બીજો
(B) વિષ્ણુગુપ્ત
(C) કુમારગુપ્ત
(D) સમુદ્રગુપ્ત

007. ઔરંગાબાદ નજીક આવેલા એલોરા પાસેના ડુંગરમાં નીચેના પૈકી કયા સંપ્રદાયના શૈલગૃહો કંડારાયા છે ?

1. બૌધ્ધ 2. બ્રાહ્મણ 3. જૈન

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

008. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) મૈત્રકો બાદ ગુજરાતમાં ઉત્તરના પ્રતીહારો અને દક્ષિણના રાષ્ટ્રકૂટોની સત્તા પ્રવર્તી.
(B) દક્ષિણ ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા કક્કરાજે પોતાની સત્તા મધ્યગુજરાતમાં પ્રસારી રાજધાની ખેટક (ખેડા)માં રાખી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

009. .......... ના સમયમાં મહમૂદ ગઝનવીએ અણહિલવાડ, મોઢેરા અને સોમનાથ પર ચડાઈ કરી.

(A) ભીમદેવ પહેલો
(B) ભીમદેવ બીજો
(C) મૂળરાજ
(D) કર્ણદેવ

010. .......... એ અપુત્રિકા અર્થાત્ અપુત્ર વિધવાનું દ્રવ્ય જપ્ત કરી લેવાનો જુલ્મી રિવાજ બંધ કર્યો.

(A) સિધ્ધરાજ જયસિંહ
(B) કુમારપાલ
(C) મૂળરાજ
(D) વીરધવલ

011. ધોળાવીરામાં નીચેના પૈકી કઈ વસ્તુઓ પ્રાપ્ત થઈ છે ?

1. તાંબુ ગાળવાની ભઠ્ઠી
2. શંખ અને ધાતુની બંગડીઓ
3. સોનાનાં ઘરેણાં

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

012. ક્ષત્રપ રાજાઓના રાજ્યમાં ગુજરાત અને માળવા ઉપરાંત નીચેના પૈકી કોનો સમાવેશ થતો હતો ?

1. રાજસ્થાન
2. મહારાષ્ટ્ર
3. આંધ્રપ્રદેશ

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

013. નીચેના પૈકી કયા ભીમદેવ પહેલાના સમય દરમિયાનના પ્રસિધ્ધ સ્થાપત્યકીય સ્મારકો છે ?

1. સોમનાથનું નવું મંદિર
2. આબુ પરની વિમલ વસતિ
3. મોઢેરાનું સૂર્યમંદિર

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

014. નીચેના પૈકી કોણે મૈસૂરની તાકાતને કચડી નાખી, હૈદરાબાદ અને અવધ ઉપર કુલમુખત્યારશાહી બ્રિટીશ અંકુશ સ્થાપ્યો, તાંજોર, સુરત અને કર્ણાટકના રાજ્યોનો વહીવટ લઈ લીધો અને પેશવા અંગ્રેજ સહાય પર જ આધાર રાખતો થાય તેવી સ્થિતિ નિર્માણ કરી ?

(A) વૉરન હેસ્ટિંગ્સ
(B) વેલેસ્લી
(C) કૉર્નવોલિસ
(D) મીન્ટો

015. 1882નું હંટર પંચ .......... ને લગતું હતું.

(A) શિક્ષણ
(B) સ્થાનિક સ્વશાસન
(C) કારખાનાના કાયદો
(D) સતી પ્રથા

016. 1857ના વિપ્લવ દરમિયાન ઓક્ટોબરમાં અમદાવાદમાં ઘડાયેલી યોજના મુજબ પ્રથમ વડોદરા પર હલ્લો કરી, ખંડેરાવને પદભ્રષ્ટ કર્યા બાદ ગુજરાતમાં અંગ્રેજોના શાસનને નાબુદ કરવાનું ધ્યેય હતું. આ યોજનામાં મુખ્ય વ્યક્તિઓ નીચેના પૈકી કોણ હતાં ?

1. મહારાજા ખંડેરાવનો સાવકો ભાઈ બાપુ ગાયકવાડ
2. પાટણના મગનલાલ વાણિયા
3. આણંદના મુખી ગરબડદાસ

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

017. દયાનંદ સરસ્વતીએ 1875માં મુંબઈમાં આર્યસમાજની વિધિસર સ્થાપના કર્યા બાદ તેનું મુખ્ય કેન્દ્ર .......... માં સ્થાપ્યું.

(A) અમદાવાદ (B) કલકત્તા (C) દિલ્હી (D) લાહોર

018. મહાસભાના નીચેના પૈકી કયા સ્થળે યોજાયેલા અધિવેશનમાં તિલકને વક્તવ્ય આપવાની પરવાનગી ન મળતા અંધાધૂંધી ફેલાઈ અને અધિવેશન અચોક્કસ મુદત માટે મોકૂફ રાખવું પડ્યું ?

(A) બનારસ (B) કલકત્તા (C) સુરત (D) અમદાવાદ

019. ગામડામાં ગાંધીજીનો સત્યાગ્રહનો સંદેશો ફેલાવવા દાંડીકૂચની આગળ ગયેલ સરદાર વલ્લભભાઈની સરકારે .......... ગામેથી ધરપકડ કરી અને તેમને ત્રણ માસની સજા કરી.

(A) નડીયાદ (B) રાસ (C) જંબુસર (D) નવસારી

020. ગાંધીજીની ધરપકડ થતાં સુરત જિલ્લામાં આવેલ ધરાસણાના મીઠાના અગરો પર સત્યાગ્રહ કરવાની આગેવાની .......... એ ઉપાડી લીધી.

(A) સરદાર પટેલ (B) વિનોબા ભાવે

(C) અબ્બાસ તૈયબજી (D) વિઠ્ઠલભાઈ પટેલ

021. જોડકાં જોડો.

1. લોકમાન્ય તિલક — a. ઈસ્ટ ઈન્ડિયન એસોસિએશન
2. દાદાભાઈ નવરોજી — b. સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સાસોયટી
3. ગોપાલકૃષ્ણ ગોખલે — c. મરાઠા
4. લાલા લજપતરાય — d. ઈંગ્લેન્ડ્સ ડેટ ટુ ઈન્ડિયા

(A) 1 - c, 2 - a, 3 - b, 4 - d (B) 1 - c, 2 - a, 3 - d, 4 - b

(C) 1 - a, 2 - c, 3 - d, 4 - b (D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

022. ક્રાન્તિવીરોને સખત સજા ફરમાવનાર ન્યાયાધીશ .......... ની હત્યા કરવાના આશયથી પ્રફુલ્લ ચાકી તથા ખુદીરામ બોઝે એક અંગ્રેજની બગી ઉપર તે ન્યાયાધીશની બગી છે તેમ સમજીને બોમ્બ ફેંક્યો હતો.

(A) કિંગ્સ ફોર્ડ (B) રીપન (C) ચાર્લ્સ બ્રેડલો (D) લૉર્ડ ડફરી

023. .......... માં પંજાબને બે અલગ રાજ્યો, પંજાબ અને હરિયાણામાં વિભાજીત કરવામાં આવ્યું.

(A) 1951 (B) 1966 (C) 1960 (D) 1948

024. રેલ્વેની શરૂઆત નીચેના પૈકી કયા રાજ્યએ સૌ પ્રથમ કરી હતી ?

(A) ભાવનગર (B) જામનગર (C) વડોદરા (D) ગોંડલ

025. આર.બી. (રાવ બહાદુર) રણછોડલાલ છોટાલાલ ગર્લ્સ હાઈસ્કૂલ, અમદાવાદ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. શાળાની શરૂઆત ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા 1821માં કરવામાં આવી.
2. તે માત્ર શહેરની જ નહીં પરંતુ ભારતની પ્રથમ ગર્લ્સ સ્કૂલ બની હતી.
3. વિદ્યાગૌરી નીલકંઠ દ્વારા આ શાળાને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

026. સ્તૂપ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભગવાન બુધ્ધ કે અન્ય કોઈ ધર્મવિભૂતિના અસ્થિ પર જે સ્મારક ચણવામાં આવેલું તેને સ્તૂપ કહે છે.

(B) શરૂઆતમાં ભગવાન બુધ્ધની મૂર્તિરૂપે પૂજા થતી ન હતી, ત્યારે આવા સ્તૂપ ચૈત્ય તરીકે પૂજાપાત્ર ગણાતા.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

027. કૌટિલ્યનું 'અર્થશાસ્ત્ર' .......... ભાષામાં લખાયેલું છે.

(A) સંસ્કૃત (B) પાલી (C) માગધી (D) શૌરસેની

028. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ગંધાર શૈલીમાં વ્યક્તિ તથા એની આસનમુદ્રા, વસ્ત્ર ઈત્યાદિ લક્ષણો ભારતીય હોય છે, જ્યારે એના અંગ-વસ્ત્રાદિની અભિવ્યક્તિમાં આ ગ્રીક કલ-કૌશલ્યની અનોખી અસર તરી આવે છે.

(B) ગંધારની શિલ્પકૃતિઓ બ્રાહ્મણ, બૌધ્ધ અને જૈન એ ત્રણેય ધર્મ પરંપરાને આવરી લે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

029. જોડકાં જોડો.

1. રઘુવંશ a. સિધ્ધસેન દિવાકર

2. પંચસિધ્ધાન્તિકા b. કાલિદાસ

3. ન્યાયાવતાર c. વરાહમિહિર

4. કામસૂત્ર d. વાત્સ્યાયન

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a (B) 1 - b, 2 - c, 3 - a, 4 - d

(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d (D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

030. .......... ખાતે પાંચ રથો કંડારાયેલું અદ્ભૂત સ્થાપત્ય નમૂનો જોવા મળે છે.

(A) અજંટા ગુફા (B) બાઘની ગુફા

(C) મહાબલિપુરમ્ (D) એલોરા ગુફા

031. સાબરકાંઠા જિલ્લાના રોડા ગામમાં આવેલા પ્રાચીન મંદિરોમાં .......... શૈલીના શિખરનું આરંભિક સ્વરૂપ નજરે પડે છે.

(A) વેસર (B) નાગર

(C) દ્રવિડ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

032. નીચેના પૈકી કયું / કયાં / વિધાન વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભીમદેવે સિધ્ધપુરમાં રૂદ્રમહાલય બંધાવી તેમાં રૂદ્રદેવના લિંગની પ્રતિષ્ઠા કરાવેલી.

(B) આગળ જતા સિધ્ધરાજ જયસિંહે રૂદ્રમહાલયનું મોટાપાયે સંસ્કરણ-પરિવર્ધન કર્યું.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

033. સિધ્ધપુર નજીક આવેલ સૂણક ગામના નીલકંઠ મહાદેવ મંદિર બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તે વનરાજ ચાવડા દ્વારા બંધાવવામાં આવ્યું હતું.

2. એમાં ગર્ભગૃહ, મંડપ અને મુખમંડપ છે.

3. એનું શિખર ત્રિનાસિકા રેખાવાળું છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

034. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભૂજ પાસે આવેલ કોટાયમાં ત્રણ પ્રાચીન દેવાલય હતાં. તેમાનું શિવાલય જે હાલ મોજૂદ રહેલું છે જ્યારે સૂર્યમંદિર તથા વિષ્ણુમંદિર તૂટી ગયાં છે.

(B) ભચાઉ પાસે કથરોટમાં પ્રાચીન સૂર્યમંદિર છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

035. કુંભારિયાના જિનાલયો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) કુંભારિયાનું સૌથી મોટું મંદિર, નેમીનાથ મંદિર, કુમારપાલના સમયમાં બંધાયા હોવાનું જણાય છે.

(B) કુંભારિયાના જિનાલયો દિગંબર જિનાલયો છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

036. દેવેન્દ્ર કૃત ''ચંદ્રલેખાવિજય''માં સોલંકી રાજા .......... એ શાકંભરીના રાજા અર્ણોરાજને હરાવ્યાનો બનાવ આલેખાયો છે.

(A) સિધ્ધરાજ જયસિંહ (B) કર્ણદેવ

(C) મૂલરાજ-બીજો (D) કુમારપાલ

037. ગુજરાતી સાહિત્યમાં 'નાટકના પિતા' ગણાતા રણછોડભાઈ દવે બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તેમણે લખેલાં 14 નાટકોમાં ''જયકુમારી'' અને ''લલિતા દુ:ખદર્શક'' ખૂબ વખણાયાં હતાં.

(B) તેઓ તત્કાલિન ભવાઈની ગ્રામ્યતા અને પારસી રંગભૂમિની ગુજરાતીની અશુધ્ધિથી નાખુશ હતાં.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

038. સૌરાષ્ટ્રમાં વાઘજી આશારામ અને મૂળજી આશારામે .......... 1978 માં સ્થાપી હતી.

(A) વાંકાનેર આર્યવર્ધક નાટક મંડળી (B) મોરબી સુબોધ નાટક મંડળી

(C) હળવદ દેશી નાટક મંડળી (D) ધ્રાંગધ્રા નાટક મંડળી

039. વિભાજી જામે .......... ને સંગીતકાર તરીકે આશ્રય આપ્યો હતો.

(A) નાસરખા (B) વાડીલાલ (C) મૌલાબક્ષ (D) આદિત્યરામ વ્યાસ

040. 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું પ્રથમ અધિવેશન 1905 માં .......... ના પ્રમુખપણા હેઠળ યોજાયું.

(A) ગોવર્ધનરામ ત્રિપાઠી (B) કે. હ. ધ્રુવ

(C) અંબાલાલ દેસાઈ (D) રણછોડભાઈ ઉદયરામ

041. જોડકાં જોડો.

1. નંદન મહેતા　　a. સરોદવાદક

2. દામોદરલાલ કાબરા　　b. તબલાવાદક

3. બ્રિજભૂષણ કાબરા　　c. ગીટારવાદક

4. શિવકુમાર　　d. સંતુરવાદક

(A) 1 - b, 2 - a, 3 - c, 4 - d　　(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b　　(D) 1 - c, 2 - d, 3 - b, 4 - a

042. જૂનાગઢના વૃંદાવન સોલંકી, ભાવનગરના ખોડીદાસ પરમાર તથા પોરબંદરના દેવજીભાઈ વાજા ......... માટે જાણીતાં છે.

(A) શાસ્ત્રીય નૃત્યકલા　　(B) કઠપૂતળી કલા

(C) સંગીતકલા　　(D) ચિત્રકલા

043. દેવીપૂજક કોમની બોલી સંદર્ભે યાદી-I ના શબ્દોને તેની યાદી-II ના સાચા અર્થ સાથે જોડકાં જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| 1. કન્ધારી | a. લાકડી |
| 2. મધવો | b. દારૂ |
| 3. માઢ | c. પોલીસ |
| 4. મોઢેનો | d. ચોરી લીધેલો દાગીનો |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d　　(B) 1 - a, 2 - b, 3 - d, 4 - c

(C) 1 - d, 2 - c, 3 - a, 4 - b　　(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

044. નીચેના પૈકી કયા પાળીયાના પ્રકારો છે ?

1. શૂરાપૂરા　　2. ઠેશ　　3. સૂરધન

(A) ફક્ત 1 અને 2　　(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3　　(D) 1, 2 અને 3

045. ચુલના મેળા બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) પંચમહાલ, ભરૂચ અને વડોદરા જિલ્લાનાં આદિવાસીઓમાં હોળીના બીજા દિવસે 'ચૂલનો મેળો' ઉજવાય છે.

(B) આ મેળામાં આદિવાસી યુવકો "ગોદડીનો ઝઘડો" કરે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

046. .......... નદીના કાંઠે ભરપુર વનરાજીથી સંતૃપ્ત એવું રમણીય તીર્થ શામળાજી આવેલું છે.

(A) સાબરમતી　　(B) વાત્રક

(C) મેશ્વો　　(D) પુષ્પાવતી

047. જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. હીરા ભાગોળ | a. વડનગર |
| 2. પ્રાગ મહેલ | b. રૈયાલી |
| 3. ડાયનાસોરના ઈંડા | c. ડભોઈ |
| 4. શર્મિષ્ઠા તળાવ | d. ભૂજ |

(A) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(B) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(C) 1 - a, 2 - b, 3 - d, 4 - c
(D) 1 - a, 2 - b, 3 - c, 4 - d

048. ગુજરાતના નીચેના પૈકી કયા પર્યટન સ્થળો બૌધ્ધ સરકીટના ભાગ છે ?

1. ખંભાલીડાની ગુફાઓ, રાજકોટ 2. કડિયા ડુંગર ગુફાઓ, ભરૂચ 3. દેવની મોરી, અરવલ્લી

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

049. જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. બ્રહ્મકુંડ | a. ગીર સોમનાથ |
| 2. વોરાવાડ | b. ભાવનગર |
| 3. ભાલકા તીર્થ | c. સિધ્ધપુર |
| 4. છારી-ઢંઢ આર્દ્રભૂમી (wetland) | d. કચ્છ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(C) 1 - b, 2 - c, 3 - a, 4 - d
(D) 1 - c, 2 - b, 3 - a, 4 - d

050. લોકવાદ્ય વેણુ .......... પ્રકારનું વાદ્ય છે.

(A) તંતુવાદ્ય
(B) અવનદ્ધ વાદ્ય
(C) સુષિર વાદ્ય
(D) ધનવાદ્ય

051. નીચેના પૈકી કયા ગ્રહોને ઉપગ્રહો નથી ?

1. મંગળ 2. બુધ 3. ગુરૂ 4. શુક્ર

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) ફક્ત 2 અને 4

052. સૌ પ્રથમ .......... ખડકોની ઉત્પત્તિ થઈ હોવાથી તે પ્રાથમિક ખડકો તરીકે પણ ઓળખાય છે.

(A) અગ્નિકૃત ખડકો
(B) પ્રસ્તર ખડકો
(C) રૂપાંતરિત ખડકો
(D) વિકૃત ખડકો

053. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) પેડાલ્ફર (pedalfer) જમીનોમાં એલ્યુમિનિયમ અને લોહદ્રવ્યો વધુ પ્રમાણમાં આવેલાં હોય છે.
(B) લેટેરાઈટ જમીન પેડાલ્ફર જમીનોનાં જૂથ પૈકીની છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

054. વિશ્વમાં મોટાભાગના પર્વતો .......... પ્રકારના છે.

(A) જ્વાળામુખી (B) ગેડ (C) ખંડ (D) ઘુમ્મટાકાર

055. ભારતની સિંધુ, સતલજ અને બ્રહ્મપુત્રા જેવી નદીઓએ .......... જળપરિવાહનો વિકાસ કર્યો છે.

(A) યથાતથા (B) ત્રિજ્યા (C) જાળી આકાર (D) વલયાકાર

056. યુ.એસ.માં એરિઝોનામાં .......... નદીએ કેન્યોન (Canyon) પ્રકારની ઊંડી ખીણ રચી છે, જે ''ગ્રાન્ડ કેન્યોન'' (Grand Canyon) તરીકે જગપ્રસિધ્ધ છે.

(A) મીસીસીપી (B) ઓહાયો (C) કોલોરેડો (D) હડસન

057. બે .......... ખડક સ્તરો વચ્ચે .......... ખડક સ્તરની વિશિષ્ટ ગોઠવણીને કારણે કેટલાક પ્રદેશોમાં ખોદવામાં આવતા કૂવામાં જલદાબક્રિયાને કારણે કૂવામાંથી પાણી આપોઆપ બહાર આવે છે.

(A) પારગમ્ય, અપારગમ્ય (B) અપારગમ્ય, પારગમ્ય

(C) પારગમ્ય, રેતી (D) રેતી, પારગમ્ય

058. નીચેના પૈકી કયું / કયાં દરિયાઈ સરોવર / સરોવરો અથવા લેગૂન (lagoon) છે ?

(A) ચિલ્કા (B) પુલિકટ

(C) (A) અને (B) બંને (D) (A) અને (B) પૈકી કોઈ નહીં

059. સ્તરભંગના કારણે દક્ષિણ ભારતનો .......... નો કેટલોક ભાગ ડાલ્મેશિયન જેવા લંબાત્મક કિનારો ધરાવે છે.

(A) પૂર્વ કિનારા (B) પશ્ચિમ કિનારા

(C) (A) અને (B) બંને (D) (A) અને (B) પૈકી કોઈ નહીં

060. નાઈટ્રોજન પૃથ્વી સપાટીથી આશરે .......... કિ.મી. ની ઊંચાઈ સુધીના વાતાવરણમાં જોવા મળે છે.

(A) 130 (B) 200 (C) 230 (D) 260

061. આયનીકરણની પ્રક્રિયા .......... માં થાય છે.

(A) ક્ષોભ આવરણ (B) સમતાપ આવરણ

(C) મધ્યાવરણ (D) ઉષ્માવરણ

062. રોજબરોજના સૂર્યાઘાતના પ્રમાણમાં .......... નો સૂર્યાઘાત સૌથી વધુ હોય છે.

(A) સવાર (B) બપોર (C) સાંજ (D) રાત્રિ

063. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સામાન્ય રીતે સમુદ્રો પર સમપાત રેખાઓ સીધી હોય છે પરંતુ સમુદ્ર કિનારા પાસે ભૂમિખંડોમાં પ્રવેશતા તે વળાંક લે છે.

(B) ઉત્તર ગોળાર્ધ કરતાં દક્ષિણ ગોળાર્ધમાં સમતાપ રેખાઓ વધુ સીધી અને સરળ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

064. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) કાયમી પવનોને ગ્રહીય પવનો પણ કહેવાય છે.

(B) જમીન અને દરિયાની લહેરો કાયમી પવનોનો પ્રકાર છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

065. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) વાતાગ્રા પાસે પવનોની દિશા સ્થિર થઈ જાય છે.

(B) વાતાગ્રા પાસે દબાણ એકાએક ઘટી જાય છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

066. ભાવનગરના કિનારે નીચેના પૈકી કયા બેટ આવેલાં છે ?

1. પીરમ 2. માલબેન્ક 3. સુલતાપુર 4. જેગરી

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

067. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ખેડા અને આણંદ જિલ્લામાં શેઢી અને મહી નદી વચ્ચેનો પ્રદેશ “ચરોતર” તરીકે ઓળખાય છે.

2. આ મેદાન પેટલાદ થી નડીયાદ સુધી 20 કિ.મીની લંબાઈમાં આવેલું છે.

3. આ મેદાનની રચના મહી, શેઢી અને વાત્રક જેવી નદીઓએ નિક્ષેપ કરેલા કાંપ દ્વારા થઈ છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1અને 3 (D) 1, 2 અને 3

068. ગુજરાતમાં નીચેના પૈકી કયું સૌથી ઊંચુ શિખર છે ?

(A) ચોટીલા (B) પાવાગઢ

(C) ગિરનાર (D) અંબાજી

069. ગુજરાતમાં મેન્ગ્રુવ જંગલો નીચેના પૈકી કયા જોવા મળે છે ?

1. કચ્છના પશ્ચિમ તથા દક્ષિણ કિનારે 2. જામનગર 3. જૂનાગઢ

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

070. જોડકાં જોડો.

| વન્યજીવન અભયારણ્ય | વિશેષતા |
|---|---|
| 1. પૂર્ણા અભ્યારણ | a. ગિર અભ્યારણનો ભાગ |
| 2. પાણીયા અભ્યારણ | b. પક્ષી અભ્યારણ |
| 3. રતનમહાલ અભ્યારણ | c. વૃક્ષવૈવિધ્યથી ભરપૂર |
| 4. ખીજડીયા અભ્યારણ | d. રીંછ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - c, 2 - a, 3 - d, 4 - b

(C) 1 - d, 2 - c, 3 - b, 4 - a (D) 1 - c, 2 - a, 3 - b, 4 - d

071. ગુજરાતમાં અકીકના અનામત જથ્થા નીચેના પૈકી કયા જિલ્લાઓમાં રહેલાં છે ?

1. ભાવનગર 2. ભરૂચ 3. કચ્છ 4. વડોદરા

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

072. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે જાતિ પ્રમાણે સાક્ષરતા દરમાં પુરૂષ સાક્ષરતામાં .......... જિલ્લો પ્રથમ ક્રમે અને સ્ત્રી સાક્ષરતામાં .......... જિલ્લો પ્રથમ ક્રમે છે.

(A) સુરત, અમદાવાદ
(B) સુરત, ગાંધીનગર
(C) ગાંધીનગર, સુરત
(D) અમદાવાદ, સુરત

073. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે વસ્તી ગીચતા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) દેશની વસ્તીગીચતા સામે ગુજરાત રાજ્યની વસ્તીગીચતા વધુ છે.
(B) અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ વસ્તીગીચતા નોંધાયેલ છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

074. સ્માર્ટ સીટી મિશન હેઠળ પહેલા રાઉન્ડમાં ગુજરાતના નીચેના પૈકી કયું / કયાં શહેર / શહેરો સ્માર્ટ સીટી તરીકે પસંદ થયાં હતાં ?

(A) અમદાવાદ
(B) વડોદરા
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

075. 2011ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં નીચેના પૈકી કયું રાજ્ય સૌથી વધુ ઝૂંપડપટ્ટીમાં રહેતી વસ્તી ધરાવે છે ?

(A) પશ્ચિમ બંગાળ
(B) આંધ્ર પ્રદેશ
(C) મહારાષ્ટ્ર
(D) તામિલનાડુ

076. ભારત અને યુ.એસ.એ.ની નૌકાદળ કવાયત (PASSEX 2021) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. આ કવાયત બંગાળના અખાતમાં યોજાઈ હતી.
2. આ કવાયતમાં ભારત તરફથી INS સિંધુ અને યુ.એસ.એ. તરફથી યુ.એસ.એસ. એન્ટરપ્રાઈઝ યુદ્ધજહાજોએ ભાગ લીધો.
3. આ કવાયતમાં સૌ પ્રથમ વાર ભારતીય હવાઈદળે પણ ભાગ લીધો.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 3

077. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડના (CBSE) ના યોગ્યતા આધારિત મૂલવણી માળખા (Competency Based Assessment Framework) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ યોગ્યતા આધારિત મૂલવણી માળખું ધોરણ 6 થી 10 ના વિદ્યાર્થીઓ માટે છે.
2. આ માળખું અમેરીકન એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા ઘડવામાં આવ્યું હતું.
3. આ માળખું નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના નિર્દેશાનુસાર આગામી 2 થી 3 વર્ષમાં હાલની ટેવ આધારી શીખવાની પધ્ધતિ (Rote learning model) ની જગ્યાએ નવી પધ્ધતિ (new model) લાવવાનું લક્ષ્ય રાખે છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 3

078. કન્યાકુમારી, ગુજરાત, દમણ અને દીવના સમુદ્રકાંઠે નવી પ્રજાતિઓ "હાઈપનીયા ઈન્ડીકા" (Hypnea Indica) અને "હાઈપનીયા બુલાટા" (Hypnea Bullata) મળી આવેલી છે. આ પ્રજાતિઓ .......... છે.

(A) વ્હેલ (Whale) નો એક નવો પ્રકાર
(B) મગરનો એક નવો પ્રકાર
(C) માછલીનો એક નવો પ્રકાર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

079. "અર્થ અવર" (Earth Hour) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. અર્થ અવર માર્ચ મહીનાના છેલ્લા શનિવારના રોજ વાર્ષિક રીતે ઉજવવામાં આવે છે.
2. આ વર્ષના અર્થ અવરની વિષયવસ્તુ, "Responsibility towards Mother Earth" હતી.
3. અર્થ અવરની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રોના વિભાગ, ECOSOC દ્વારા કરવામાં આવી હતી.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

080. ભારતના ક્ષય રોગ સૂચકાંક 2021 બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. સૂચકાંક અનુસાર લક્ષદ્વીપને ક્ષય રોગ મુક્ત જાહેર કરવામાં આવ્યું છે.
2. રાષ્ટ્રીય ક્ષય રોગ નાબુદી કાર્યક્રમ હેઠળ 50 લાખથી વધુ વસ્તી ધરાવતા રાજ્યોમાં ક્ષય રોગનો અંત લાવવામાં હિમાચલ પ્રદેશે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.
3. ભારતે પણ 2025 સુધીમાં ક્ષય રોગ નાબુદી માટેનો નિર્ધાર કર્યો છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

081. વિશ્વ આર્થિક ફોરમ (World Economic Forum)ના વૈશ્વિક લિંગ અંતર અહેવાલ (Global Gender Gap Report) 2021 બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. અહેવાલ અનુસાર ભારતે 156 દેશોમાં 140મો ક્રમ પ્રાપ્ત કર્યો.
2. આઈસલેન્ડ વિશ્વમાં સૌથી વધુ લિંગ સમાનતા (Gender Equal) ધરાવતો દેશ છે.
3. ભારતે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે વધારે સારો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

082. વિશ્વ બેંકના સાઉથ એશિયા ઈકોનોમીક ફોકસ સ્પ્રીંગ 2021 રીપોર્ટ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ અહેવાલે નાણાકીય વર્ષ 2021-2022 માટે ભારતના કુલ ઘરગથ્થુ ઉત્પાદન (GDP) ની વૃધ્ધિ 7.5% થી 12.5% ની શ્રેણીમાં રહેવાનું અનુમાન કર્યું છે.
2. નાણાકીય વર્ષ 2021-2022 માટે દક્ષિણ એશિયન જૂથનો ગરીબીનો દર 6% થી 9% સુધીનો રહેવાનું અનુમાન કર્યું છે.
3. નાણાકીય વર્ષ 2023-2024 સુધીમાં ભારતનો ગરીબીનો દર 2% થી 4% ની વચ્ચે રહેવાનો અનુમાન કર્યું છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

083. ભારતના શ્રમ અને રોજગાર મંત્રાલયે વ્યાવસાયિક સલામતી, આરોગ્ય અને કામ કરવાની પરિસ્થિતિઓ કોડ 2020 (Occupational Safety, Health and Working Conditions Code, 2020) હેઠળ ધોરણોની સમીક્ષા કરવા માટે ત્રણ નિષ્ણાત સમિતિઓનું ગઠન કર્યું છે. આ સમિતિઓનું ગઠન .......... બાબતે કરવામાં આવ્યું છે.

1. ફેક્ટરીઓ અને ડોક કામગીરી (Dock works)
2. બિલ્ડીંગ અને કન્સ્ટ્રક્શનના કામો
3. ફાયર સેફ્ટી
4. બાળ મજૂરી (Child Labour)
5. માર્ગ સુરક્ષા (Road Safety)

(A) 1, 2, 3, 4 અને 5 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 4 અને 5 (D) ફક્ત 1, 2 અને 3

084. નીચેના પૈકી કઈ સંસ્થાએ ગ્રામ્ય ડીજીટલ કનેક્ટ અભિયાન (Village and Digital Connect Drive), ‘‘સંકલ્પ સે સિધ્ધિ’’ શરૂ કર્યું છે ?

(A) TRIFED (B) NITI આયોગ

(C) પંચાયતી રાજ મંત્રાલય (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

085. રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠને (DRDO) .......... ને મિસાઈલથી સુરક્ષિત રાખવા માટે એડવાન્સ્ડ ચાફ ટેકનોલોજી (Advanced Chaff Technology)ના ત્રણ પ્રકારો વિકસાવ્યાં છે.

(A) માનવરહિત હવાઈ વાહનો (B) નૌકાદળ જહાજો

(C) સંરક્ષણ પરિવહન ઉડ્ડયનો (D) યુદ્ધ રણગાડીઓ (Battle Tanks)

086. રશિયા દ્વારા પરીક્ષણ કરવામાં આવેલા સુપર ટોરપીડો (Super Torpedo) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સુપર ટોરપીડોનું નામ Poseidon 2M39 રાખવામાં આવ્યું છે.
2. સુપર ટોરપીડો કિરણોત્સર્ગી સુનામી ઉત્પન્ન કરી શકે છે.
3. ટોરપીડો 100 MW પરમાણુ રીએક્ટર સાથે 100 knots ની ગતિ સુધી પહોંચી શકે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

087. વિશ્વ આરોગ્ય દિવસ (World Health Day) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. વિશ્વ આરોગ્ય દિવસ દર 7 એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે.
2. 2021 ના આરોગ્ય દિવસની વિષય વસ્તુ “Building a COVID-free world” હતી.
3. વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી વિશ્વ આરોગ્ય સંસ્થાન (WHO) ના ઉદ્‌ભવના પ્રસંગે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 (D) ફક્ત 1 અને 2

088. ભારતનો નીચેના પૈકીનો કયો રેલ્વે ઝોન ભારતનો સંપૂર્ણ રીતે વીજળીકૃત કરેલો રેલ્વે ઝોન તરીકે જાણીતો છે ?

(A) દક્ષિણ મધ્ય રેલ્વે (B) ઉત્તર મધ્ય રેલ્વે

(C) પૂર્વ મધ્ય રેલ્વે (D) પશ્ચિમ મધ્ય રેલ્વે

089. ઈજિપ્તમાં તાજેતરમાં થયેલા ખોદકામ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ઈજિપ્તના લક્સર (Luxor) શહેરમાં 3000 વર્ષ જૂનું ગામ ખોદકામમાં મળી આવ્યું છે.
2. આ ગામ 18મા રાજવંશના રાજા આમીનહોટેપ III ના રાજના સમયનું છે.
3. આ ગામ સુએઝ નહેરના પશ્ચિમ કિનારે આવેલું છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

090. હિંદ મહાસાગરમાં લશ્કરી અને વેપારી નૌકાજહાજોની ગતિવિધિઓનું નિયંત્રણ-દેખરેખ રાખવા માટે DRDO દ્વારા વિકસાવવામાં આવેલા નીચેના પૈકી કયા ઉપગ્રહનું ISRO દ્વારા પ્રક્ષેપણ કરવામાં આવ્યું ?

(A) સિંધુનેત્ર (B) સમુદ્રનેત્ર

(C) સિંધુગરૂડ (D) ગરૂડનેત્ર

091. "માય લાઈફ ઈઝ ફુલ : વર્ક, ફેમીલી એન્ડ અવર ફ્યુચર" પુસ્તકના લેખક કોણ છે ?

(A) ચંદા કોચર
(B) ઈન્દ્રા નૂયી
(C) મૅરી કોમ
(D) કિરણ મજમૂદાર

092. ભારતના તાજેતરમાં તરતું મુકવામાં આવેલાં INS ધ્રુવ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. INS ધ્રુવ પરમાણુ મિસાઈલનું પગેરું લેતું જહાજ (Nuclear Missile Tracking Vessel) છે કે જે શત્રુ દેશોના પરમાણુ મિસાઈલોનું પગેરું શોધી કાઢે છે.
2. ભારત આ ટેકનોલોજી ધરાવતો વિશ્વનો 5 મો દેશ છે.
3. તેનું નિર્માણ ભારતના ગોવા શીપયાર્ડ લીમીટેડ ખાતે થયું હતું.

(A) ફક્ત 2 અને 3
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

093. વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે પુલ - ચિનાબ પુલ - બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ પુલ કોંકણ રેલ્વે કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવી રહ્યો છે.
2. ચિનાબ પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલલીંક પ્રોજેક્ટનો ભાગ છે.
3. આ પુલ ચિનાબ નદી ઉપર બાંધવામાં આવી રહ્યો છે અને તે એફીલ ટાવર કરતા પણ ઊંચો છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

094. સંયુક્ત રાષ્ટ્રોના અહેવાલ પ્રમાણે, એશિયા-પેસિફિક પ્રદેશ 2030 સુધીમાં .......... ટકાઉ વિકાસના લક્ષ્યાંકો પ્રાપ્ત કરશે.

(A) 20%
(B) 10%
(C) 30%
(D) 65%

095. તાજેતરમાં ભારતીય સૈન્યનું નીચેના પૈકી કયું લાંબા સમયથી સેવાઓ આપતું સંરક્ષણ સરંજામ સેવાઓમાંથી નિવૃત્ત (decommissioned) કરવામાં આવ્યું ?

1. કેટાપલ્ટ બંદુકો (Catapult Guns)
2. ટેમ્પેલા મોર્ટાર (Tampella Mortars)
3. હાવીટ્ઝર બંદુકો (Howitzer Guns)
4. થાર મોર્ટાર (Thar Mortars)

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

096. સંયુક્ત રાષ્ટ્રો દ્વારા જારી કરવામાં આવેલા 9મા વર્લ્ડ હેપીનેસ રીપોર્ટ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. 149 દેશોમાં ભારતે 139મો ક્રમ પ્રાપ્ત કર્યો.
2. યાદીમાં ફીનલેન્ડ પ્રથમ ક્રમે છે.
3. યાદીમાં અફઘાનિસ્તાન સૌથી નીચેના ક્રમે છે.
4. યાદીમાં યુ.એસ.એ. પ્રથમ 10 ક્રમમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યું નહીં.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) ફક્ત 1 અને 3

097. સંરક્ષણ મંત્રાલયની સંપ્રાપ્તિ શાખાએ (Acquisition Wing) ભારત ડાયનેમીક લીમીટેડ સાથે ભારતીય સેના માટે .......... પ્રાપ્ત કરવાના સોદા ઉપર સહી કરી છે.

(A) મલ્ટી બેરલ રોકેટ લોન્ચીંગ સીસ્ટમ્સ
(B) લેન્ડ માઈન સ્વીપર્સ
(C) ગ્રેનેડ લોન્ચર્સ
(D) એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ

098. UNICEF અનુસાર .......... જેટલા બાળકો તીવ્ર ઉચ્ચ જળ ભેદ્યતા (High Water Vulnerability) વિસ્તારમાં રહે છે.

(A) 250 મિલિયન
(B) 350 મિલિયન
(C) 450 મિલિયન
(D) 150 મિલિયન

099. ગાંધી શાંતિ પુરસ્કાર બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ગાંધી શાંતિ પુરસ્કાર 2019 શેખ મુજીબુર રહમાનને એનાયત કરવામાં આવ્યો હતો.
2. ગાંધી શાંતિ પુરસ્કાર 2020 ઓમાનના સૂલતાન કબૂસ બિન સઈદ અલ સઈદને એનાયત કરવામાં આવ્યો હતો.
3. ગાંધી શાંતિ પુરસ્કારના પંચ (Jury) ના અધ્યક્ષ ભારતના વડાપ્રધાન છે.

(A) ફક્ત 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

100. "ગર્લ ગેંગ" (Girl Gang) ગીત ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલના 2022 ની 12 મી આવૃત્તિના વીમેન્સ વર્લ્ડ કપના સત્તાવાર ગીત તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ ગીતની રચના (composed) .......... દ્વારા કરવામાં આવી છે.

(A) ઉષા ઉતુપ
(B) શ્રેયા ઘોષાલ
(C) નેહા કક્કર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

101. કૃષિ લાગત અને મૂલ્ય આયોગ (Commission for Agricultural Costs & Prices) (CACP) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. CACP 1965 માં અસ્તિત્વમાં આવ્યું.
2. આયોગ અધ્યક્ષ, સભ્ય સચિવ, એક અધિકારીક (Official) સભ્ય અને બે બિન-અધિકારીક (Non-Official) સભ્યોનો સમાવેશ કરે છે.
3. બિન-અધિકારીક સભ્યો ખેડૂત સમુદાયના પ્રતિનિધિઓ છે.
4. CACP રવિ અને ખરીફ પાક માટે સરકારને વર્ષમાં બે વાર મૂલ્ય નીતિ અહેવાલોના સ્વરૂપમાં તેની ભલામણો સુપ્રત કરે છે.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4
(D) ફક્ત 3 અને 4

102. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સીમા શુલ્ક દેશની અંદર ઉત્પાદન અથવા નિર્માણ કરેલા માલ ઉપર વસુલવામાં આવે છે.
(B) આબકારી શુલ્ક ભારતની અંદર વેચાણ થતા પરંતુ અન્ય દેશમાં ઉત્પાદન થયેલા માલ ઉપર લાગુ પડે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

103. જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. IRDAI | a. 1999 |
| 2. TRAI | b. 1997 |
| 3. NGT | c. 2010 |
| 4. SEBI | d. 1992 |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

104. કર-મહેસૂલ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. કર સરકારી પ્રવૃત્તિઓને ભંડોળ પુરૂ પાડવા માટે વ્યક્તિઓ અને કોર્પોરેશનો પાસેથી વસુલાતી સ્વૈચ્છિક ફી છે.
2. કુલ ઘરગથ્થુ ઉત્પાદનની (GDP) ટકાવારી તરીકે કુલ કર-મહેસૂલ સરકાર દ્વારા કરવેરાઓ મારફતે ઉઘરાવાનો દેશના ઉત્પાદનનો હિસ્સો સૂચવે છે.
3. કર-મહેસૂલ આવકવેરો, કોર્પોરેશન વેરો, સીમા શુલ્ક, સંપત્તિ વેરો, જમીન મહેસૂલ ઉપર વેરો વિગેરેના ઉઘરાણાનો સમાવેશ કરે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

105. ભારત સરકારના 2021-2022 ના અંદાજપત્રના 6 સ્તંભો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. અંદાજપત્રનો સ્વાસ્થ્ય અને સુખાકારીનો સ્તંભ નિવારક, ઉપચારક અને સુખાકારી પગલાંઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કરે છે.
2. 500 AMRUT શહેરો માટે પ્રવાહી કચરા વ્યવસ્થાપનની જોગવાઈ અંદાજપત્રના ભૌતિક અને નાણાકીય તેમજ આંતરમાળખાકીય સ્તંભ હેઠળ કરવામાં આવી છે.
3. માનવ મૂડી (Human Capital) સ્તંભને પુનર્જીવીત કરવાના સ્તંભ હેઠળ બિનસરકારી સંગઠનો, ખાનગી શાળાઓ અને રાજ્યોની ભાગીદારીમાં 1000 નવી સૈનિક શાળાઓની સ્થાપના કરવામાં આવશે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 1 અને 2

106. ભારતની આર્થિક મોજણી 2020-2021 બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ભારત આર્થિક મોજણી 2020-2021 કોવિડ યોધ્ધાઓ (વોરિયર્સ)ને સમર્પિત કરવામાં આવી હતી.
2. ભારતનું વાસ્તવિક ઘરગથ્થુ ઉત્પાદનની (GDP) નાણાકીય વર્ષ 2021-22 માં 11% વૃદ્ધિ નોંધાશે અને નોમિનલ (Nominal) GDP 15.4% વધશે કે જે સ્વતંત્રતા બાદ સૌથી વધુ છે.
3. ભારતે ચાર સ્તંભ - નિવેશ (containment), રાજવૃત્તીય (fiscal), નાણાકીય (financial) અને લાંબા ગાળાના માળખાકીય સુધારાઓ - વાળી વ્યૂહરચના અપનાવી છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

107. પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તે ભારતમાં નોંધણી થયેલા જાહેર અથવા ખાનગી હોસ્પીટલોમાં ગૌણ (secondary) અને ત્રીજી (tertiary) સંભાળના હોસ્પીટલાઈઝેશન માટે પ્રતિ વર્ષે પરિવારદીઠ રૂા. 5 લાખના કવરની જોગવાઈ કરે છે.
2. તે પ્રી-હોસ્પીટલાઈઝેશનના ત્રણ દિવસ સુધીના અને પોસ્ટ હોસ્પીટલાઈઝેશનના 15 દિવસ સુધીના નિદાનલગત અને દવાઓના ખર્ચને આવરી લે છે.
3. આ યોજનાના લાભો સુવાહ્ય (portable) છે એટલે કે લાભાર્થી કેશલેશ (Cashless) સારવાર મેળવવા માટે ભારતમાં ગમે તે નોંધણી થયેલી જાહેર અથવા ખાનગી હોસ્પીટલમાં જઈ શકે છે.
4. જાહેર હોસ્પીટલોને ખાનગી હોસ્પીટલોની જેમ સ્વાસ્થ્ય સંભાળ સેવાઓ માટે કોઈ વળતર મળતું નથી.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 4 (D) ફક્ત 1 અને 3

108. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ યોજના હેઠળ આવાસનું લઘુત્તમ કદ 20 ચો.મી. થી વધારીને 25 ચો.મી. કરવામાં આવ્યું છે.
2. સાદા વિસ્તારોમાં (plain) એકમ સહાયતા રૂા. 70,000 થી વધારીને રૂા. 1,20,000 કરવામાં આવી છે અને પહાડી રાજ્યોમાં તે રૂા. 75,000 થી વધારીને 1,30,000 કરવામાં આવી છે.
3. સાદા વિસ્તારોમાં એકમ સહાયતાની કિંમત કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે 50:50 ના ગુણોત્તરમાં વહેંચવામાં આવશે અને ઉત્તરીય અને હિમાલીય રાજ્યમાં તે 60:40 ના ગુણોત્તરમાં વહેંચવામાં આવશે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

109. સરકાર પોતાની ખોટ (deficit) ની ભરપાઈ (finance) કરવા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા પાસેથી ઉછીનું લેવા કરતાં જાહેર દેવું કરવું વધારે પસંદ કરે છે. આનું સૌથી શ્રેષ્ઠ કારણ કયું હોઈ શકે ?
(A) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા વસુલ લેવામાં આવતો વ્યાજનો દર વધુ ઊંચો છે.
(B) સરકારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાને બાંધી મુદતમાં રકમ પરત કરતવાની હોય છે.
(C) જાહેર દેવું બજારમાં નાણા પુરવઠાને (money supply) ને અસર કરતું નથી.
(D) તે સરકારી બોન્ડના વેચાણને વધારે છે.

110. ફુગાવાને ઘટાડવા માટે નીચેના પૈકી કયા પગલાઓનો ઉપયોગ કરી શકાય ?
1. રોકડ અનામત ગુણોત્તર (CRR) માં વધારો કરવો.
2. વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર (SLR) માં વધારો કરવો.
3. રેપો રેટ (Repo Rate) માં વધારો કરવો.
4. રીવર્સ રેપો રેટ (Reverse Repo Rate) માં ઘટાડો કરવો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 3 અને 4 (D) 1, 2, 3 અને 4

111. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
1. લૉર્ડ કેનીંગ આયોગની ભલામણોને આધારી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી હતી.
2. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા એક્ટ મુજબ ભારત સરકાર દ્વારા કેન્દ્રીય બોર્ડના ડાયરેક્ટરોની નિમણૂંક કરવામાં આવે છે.
3. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ગવર્નર અને આઠથી વધુ નહીં એટલાં પુરા સમયના ડાયરેક્ટરોની જોગવાઈ ધરાવે છે.
(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

112. વ્યક્તિગત અને રાષ્ટ્રીય આવક બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. વ્યક્તિગત આવક એ એકંદરે કમાયેલ (earned) આવક અને ન કમાયેલ (unearned) આવક છે.
2. રાષ્ટ્રીય દેવા (National Debt) ઉપરના વ્યાજનો સમાવેશ વ્યક્તિગત આવકમાં થાય છે.
3. કંપનીઓનો વણવહેંચાયેલો નફો અને કોર્પોરેટ કરવેરાઓ પણ વ્યક્તિગત આવકનો ભાગ છે.
4. ટ્રાન્સફર રસીદ (Transfer Receipt) અથવા ચુકવણીઓનો સમાવેશ રાષ્ટ્રીય આવક હેઠળ થાય છે.
(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 3 અને 4

113. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?
1. વર્તમાન સાપ્તાહિક સ્થિતિ – આ અંદાજ હેઠળ, વ્યક્તિએ જો તે સપ્તાહ દરમ્યાન એક દિવસ માટે પણ લઘુત્તમ એક કલાક માટે રોજગારી મેળવેલ હોય તો તે રોજગારી મેળવતો હોવાનું ગણાય છે.
2. વર્તમાન દૈનિક સ્થિતિ – આ પધ્ધતિ હેઠળ, વ્યક્તિ રોજગારી મેળવતી હોવાની તો કહેવાય કે જો તેણે લઘુત્તમ 4 કલાક જે તે દિવસે કામ કર્યું હોય.
3. રોજગારની તીવ્રતા (Employment Intensity) – વાસ્તવિક કુલ ઘરગથ્થું ઉત્પાદન (Real GDP) ના એક હજારે રોજગારી મેળવતી વ્યક્તિઓની સંખ્યા
(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

114. ભારતના વિવિધ ભંડોળ (Funds) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
1. સરકારની તમામ આવકો અને ખર્ચા ભારતના એકત્રિત ભંડોળ, ભારતના આકસ્મિક ભંડોળ અને ભારતના જાહેર ખાતા (Public account) માં જમા કરવામાં અને ઉધારવામાં આવે છે.
2. આકસ્મિક ભંડોળમાંથી કોઈ પણ રકમનો ઉપાડ કરવા માટે સંસદની મંજૂરીની જરૂર નથી.
3. ભારતના જાહેર ખાતામાંથી કોઈપણ રકમનો ઉપાડ કરવા માટે સંસદની પછીની મંજૂરી (post facto approval) જરૂરી છે.
(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

115. તીજોરી બીલો (Treasury Bills) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ બિલો જોખમરહિત અને ખૂબ જ તરલ (highly liquid) ગણવામાં આવે છે.
2. આ બિલો કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવે છે અને તેનું વેચાણ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા કરવામાં આવે છે.
3. બેંક ઓફ ઈન્ડિયા તીજોરી બિલોને ખરીદી શકતી નથી, ફક્ત વાણિજ્ય બેંકો અને બિન બેંકીંગ નાણાકીય નિગમો (NBFCs) તેની ખરીદી કરી શકે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

116. કૃષિમાં સીધા વિદેશી રોકાણ (FDI) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ફૂલની ખેતી (Floriculture), બાગાયત (horticulture) અને પશુપાલન (animal husbandry) માં 'ઓટોમેટીક રૂટ' (automatic route) મારફતે 100% FDI માન્ય છે.
2. શાકભાજીના વાવેતરમાં 'ઓટોમેટીક રૂટ' મારફતે 51% FDI માન્ય છે.
3. ચા વાવેતર (Tea cultivation) અને તેની પ્રક્રિયા (processing) માં 'સરકારી રૂટ' (Government route) મારફતે 100% FDI માન્ય છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

117. લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (Targeted Public Distribution System) (TPDS) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ભારત સરકારે TPDS 1997 માં શરૂ કરી.
2. આ યોજના હાલ ત્રણ વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવી છે – ગરીબી રેખાની નીચે, સમાન ગરીબી રેખા અને ગરીબી રેખાની ઉપર.
3. અંત્યોદય અન્ન યોજના, જેમની આવક વાર્ષિક રૂા. 15,000 થી ઓછી હોય, તેવા ગરીબી રેખાની નીચેના સમુદાયને આવરી લે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 1 અને 3

118. ઉદ્યોગો / કંપનીઓને 'મહારત્ન' દરજ્જો પ્રદાન કરવા માટેના લાયકાતના ધોરણો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. કંપની ભારતીય સ્ટોક એક્ષચેન્જમાં SEBI નિયમોનુસાર સૂચવેલ લઘુત્તમ જાહેર શેરહોલ્ડીંગ સાથે લીસ્ટેડ (listed) થયેલી હોવી જોઈએ.
2. છેલ્લા 3 વર્ષ દરમ્યાન વાર્ષિક ટનઓવર સરેરાશ રૂા. 25,000 કરોડથી વધુ હોવું જરૂરી છે.
3. કંપની મહત્ત્વપૂર્ણ વૈશ્વિક ઉપસ્થિતિ ધરાવતી અથવા આંતરરાષ્ટ્રીય કામગીરી ધરાવતી હોવી જોઈએ.
4. કોલ ઈન્ડિયા લી., GAIL અને SAIL મહારત્ન કંપનીઓ છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 4

119. બહુપરિમાણીય ગરીબી સૂચકાંક (Multidimensional Poverty Index) (MPI) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. શિક્ષણ, સ્વાસ્થ્ય અને જીવનધોરણ MPI ના ત્રણ પરિમાણો છે.
2. જીવનધોરણમાં કુલ 6 સૂચકો (indicators) છે.
3. ઉપરોક્ત ત્રણ પરિમાણોમાં જીવનધોરણનું પરિમાણ સૌથી વધુ વજન ધરાવે છે.
4. જો વ્યક્તિ વજનવાળા સૂચકો (weighted indicators) માં ઓછામાં ઓછા એક તૃત્તીયાંશ વંચિત (deprived) હોય તો તે બહુપરિમાણીય ગરીબ (Multidimensional Poverty) ગણાય છે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

120. કરવેરાઓ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. કંપની અધિનિયમ, 2019 હેઠળ ભારતમાં નોંધાયેલી ખાનગી કંપનીઓ કોર્પોરેટ કર ભરવા બંધાયેલી છે.
2. કંપની અધિનિયમ, 2019 હેઠળ નોંધાયેલી સરકારી કંપનીઓ કોર્પોરેટ કર ભરવા બંધાયેલી નથી.
3. શૂન્ય કર કંપનીઓ (Zero-Tax Companies) ઉપર તેઓના બુક પ્રોફીટ (Book Profit)ના 18.5% ન્યૂનતમ વૈકલ્પિક કર લગાડવામાં આવે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 1 અને 2

121. નીચેના પૈકી કયું / કયાં ભારતની ખાદ્યનીતિ (Food Policy) નું / ના લક્ષ્યાંક / લક્ષ્યાંકો નથી ?

1. બફર (buffer) જથ્થાની જાળવણી કરીને દુષ્કાળ ટાળવો.
2. કર્મચારીઓના નિર્વાહ મૂલ્ય સૂચકાંકને (cost of living index of employees) વધતું રાખવું.
3. ખેડૂતોને લાભપ્રદ કિંમતોની ખાતરી આપવી.
4. સામાન્ય કિંમત સ્તરોની જાળવણી કરવી.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 2 (D) ફક્ત 2 અને 4

122. બેંકોના રાષ્ટ્રીયકરણ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. વર્ષ 1969 માં 14 બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
2. 1980 માં વધુ 6 બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
3. હાલમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહીત 12 જાહેર ક્ષેત્રની બેંકો છે.
4. તાજેતરમાં એકીકરણો (mergers) થયા બાદ બેંક ઓફ બરોડા જાહેર ક્ષેત્રની બીજી સૌથી મોટી બેંક છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 2

123. નોન પરફોર્મીંગ એસેટ્સ (Non-Performing Assets) (NPAs) બાબતે નીચેના પૈકી કયા યોગ્ય રીતે જોડાયેલા છે ?

1. સબ સ્ટાન્ડર્ડ એસેટ્સ (Substandard Assets) – જ્યારે NPAs ની વય 12 વર્ષ કે તેથી ઓછી થયેલી હોવી જોઈએ.
2. ડાઉટફુલ એસેટ્સ (Doubtful Assets) – જ્યારે NPAs ની વય 12 વર્ષથી વધુ થયેલી હોય.
3. લોસ એસેટ્સ (Loss Assets) – જ્યારે બેંકે લોસ (Loss) ને નિશ્ચિત કરી લીધું હોય પરંતુ તેને બંધ લેખિત (Written off) કરેલું ના હોય.
4. સ્ટ્રેસ્ડ એસેટ્સ (Stressed Assets) – NPAs + પુનર્ગઠીત લોન (Restructured loans) + બંધ લેખિત એસેટ્સ (Written off assets)

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

124. ડેરિવેટિવ્ઝ (Derivatives) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ડેરિવેટિવ એક નાણાકીય સાધન (financial instrument) છે કે જેનું મૂલ્ય એક કે તેથી વધારે અંતર્ગત એસેટ્સ (underlying assets) અથવા જામીનગીરીઓ (securities) માંથી તારવવામાં (derived) આવે છે.
2. આ અંતર્ગત એસેટ્સ શેર (shares), બોન્ડ (bonds) અને ચલણ (currencies) અને સોના, ચાંદી વિગેરે જેવી ચીજવસ્તુઓ (commodities) હોઈ શકે છે.
3. SEBI રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયમન થતા હોય એવાં ડેરિવેટિવ્ઝનું નિયમન કરી શકતું નથી.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

125. પાક પધ્ધતિઓ (Cropping Patterns) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. મિશ્ર પાક પધ્ધતિ (Mixed Cropping Pattern) એટલે કોઈપણ જાતની નિશ્ચિત કતાર ગોઠવણી વગર એક જ ખેતરમાં એક સાથે બે કે તેથી વધુ પાક ઉગાડવો.
2. આંતરપાક પધ્ધતિ (Inter Cropping Pattern) એટલે 2 થી 3 મહીના વિરામ બાદ એ જ ખેતરમાં બે કે તેથી વધુ પાક ઉગાડવા.
3. ક્રમ પાક પધ્ધતિ (Sequence Cropping Pattern) એટલે અગાઉના પાકની લણણી (harvesting) થાય તે પહેલા અન્ય પાકના બીજ રોપવામાં આવે છે.

(A) 1, 2 અને 3　(B) ફક્ત 1 અને 3　(C) ફક્ત 1　(D) ફક્ત 1 અને 2

126. સંસદીય પ્રક્રિયા બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સંસદમાં મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે સભ્ય દ્વારા ધ્યાનાકર્ષણ પ્રસ્તાવ (Attention Motion) રજૂ કરવામાં આવે છે.
2. મોકૂફીની દરખાસ્ત દાખલ કરવા માટે ઓછામાં ઓછા 30 સભ્યોના ટેકાની જરૂર પડે છે.
3. રાજ્યસભાને મોકૂફીની દરખાસ્તનો ઉપયોગ કરવાની છૂટ નથી.
4. મોકૂફીની દરખાસ્તમાં સરકાર વિરૂધ્ધ ટીકાનું તત્ત્વ સમાયેલું હોય છે.

(A) 1, 2, 3 અને 4　(B) ફક્ત 1, 2 અને 3　(C) ફક્ત 1, 3 અને 4　(D) ફક્ત 2 અને 4

127. સંસદમાં અંદાજપત્ર બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. કરવેરાને લગતો નાણાકીય ખરડો રાજ્યસભામાં રજૂ કરી શકાતો નથી.
2. રાજ્યસભાને અનુદાનની માંગણી ઉપર મત આપવાનો અધિકાર નથી.
3. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોના પગાર, ભથ્થાઓ અને પેન્શન ઉધારેલા ખર્ચ હેઠળ આવે છે.
4. ઉધારેલુ ખર્ચ સંસદના મતદાનને પાત્ર નથી.

(A) 1, 2, 3 અને 4　(B) ફક્ત 2, 3 અને 4　(C) ફક્ત 1, 2 અને 4　(D) ફક્ત 1, 3 અને 4

128. સંસદના વિશેષાધિકાર બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સંસદીય વિશેષાધિકારના ભંગ બદલ સંસદ, નહીં કે બહારની વ્યક્તિ, તેના સભ્યને સજા કરી શકે છે.
2. દિવાની અને ફોજદારી કેસમાં સંસદ સત્ર દરમ્યાન સંસદ સભ્યની ધરપકડ કરી શકાતી નથી.
3. સંસદનું સત્ર ચાલુ હોય ત્યારે સંસદ સભ્ય અદાલતમાં અનિર્ણિત કેસમાં પુરાવો આપવા અને સાક્ષી તરીકે હાજર રહેવા ઈનકાર કરી શકે છે.

(A) 1, 2 અને 3　(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3　(D) ફક્ત 1 અને 2

129. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને દૂર કરવાની પ્રક્રિયા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. સંસદમાં દૂર કરવાનો પ્રસ્તાવ લેકસભાના 100 સભ્યો અને રાજ્યસભાના 50 સભ્યો દ્વારા સહી કરેલો હોવો જોઈએ.
2. સ્પીકરે/અધ્યક્ષે પ્રસ્તાવનો સ્વીકાર કરવો પડશે, તેનો અસ્વીકાર કરી શકશે નહીં.
3. જો સ્વીકાર થાય તો સ્પીકર/અધ્યક્ષ પાંચ સભ્યોની સમિતિની નિમણૂક કરશે.
4. પાંચ સભ્યોની સમિતિ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ, વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ, નિયંત્રક-મહાલેખા પરીક્ષક અને દરેક ગૃહના એક સભ્યની બનેલી હશે.

(A) ફક્ત 1　(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4　(D) 1, 2, 3 અને 4

130. રાજ્ય વિધાન પરિષદની ચૂંટણી બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. રાજ્ય વિધાન પરિષદના 1/2 સભ્યો સ્નાતકો દ્વારા ચૂંટવામાં આવશે.
2. આ સ્નાતકો પાંચ વર્ષથી સ્નાતકો હોવા જોઈએ અને રાજ્યમાં વસવાટ કરતા હોવા જોઈએ.
3. રાજ્ય વિધાન પરિષદના 1/2 સભ્યો માધ્યમિક ધોરણથી ઓછીના હોય તેવી રાજ્યની શાળાના ઓછામાં ઓછા ત્રણ વર્ષ શિક્ષક રહ્યાં હોય તેના દ્વારા ચૂંટવામાં આવશે.
4. રાજ્ય વિધાન પરિષદમાં શિક્ષક મતદાર વિભાગમાંથી વિશ્વ વિદ્યાલયોના શિક્ષકો મત આપવાની પાત્રતા ધરાવતા નથી.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 1, 3 અને 4

131. નીચેના પૈકી કઈ વડી અદાલતોની હકૂમત છે ?

1. મૂળ હકૂમત 2. અપીલીય હકૂમત 3. રેકર્ડ ન્યાયાલય 4. ન્યાયિક સમીક્ષાની સત્તા

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 2, 3 અને 4

132. ભારતમાં લોકઅદાલતો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. 2002 માં સુધારેલ કાનૂની સેવા સત્તામંડળ અધિનિયમ 1987 એ કાયમી લોકઅદાલતોની સ્થાપના માટે જોગવાઈ કરી.
2. કાયમી લોકઅદાલત અધ્યક્ષ ધરાવે છે કે જે જીલ્લા ન્યાયાધીશ અથવા વધારાના જીલ્લા ન્યાયાધીશ હોય અથવા રહી ચૂક્યા હોય.
3. કાયમી લોકઅદાલત જાહેર સેવાઓમાં પર્યાપ્ત અનુભવ ધરાવતા બે નિષ્ણાતોનું બનેલું હશે.
4. કાયમી લોકઅદાલતની નાણાકીય હકૂમત રૂપિયા એક કરોડ સુધીની રહેશે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4

133. પંચાયત રાજ પ્રણાલી બાબતે નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. પી. કે. થંગન સમિતિ – જીલ્લા કલેક્ટર જીલ્લા પરિષદના મુખ્ય કારોબારી અધિકારી હોવા જોઈએ.
2. વી. એન. ગાડગીલ સમિતિ – પંચાયત રાજ પ્રણાલીની મુદત ત્રણ વર્ષની હોવી જોઈએ.
3. જી. વી. કે. રાવ સમિતિ – જીલ્લા વિકાસ કમિશ્નરના હોદ્દાનું નિર્માણ કરવું જોઈએ.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1

134. 74મા બંધારણીય અધિનિયમ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં નથી ?

(A) રાજ્યની ધારાસભા વોર્ડ સમિતિઓની રચના અને સ્થાનિક વિસ્તાર બાબતે જોગવાઈ કરી શકશે.
(B) અધિનિયમે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સ્ત્રીઓ માટેની અનામત બેઠકોને બાદ કરતાં 1/3 થી ઓછી નહીં એટલી બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

135. ભારતના બંધારણ હેઠળ અનુસૂચિત વિસ્તારોના વહીવટ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. જે તે રાજ્યની ધારાસભાની સાથે પરામર્શ કરીને રાષ્ટ્રપતિ અનૂસૂચિત વિસ્તારોના ક્ષેત્રફળમાં વધારો અથવા ઘટાડો કરવાની સત્તા ધરાવે છે.
2. અનુસૂચિત વિસ્તારો ધરાવતા દરેક રાજ્યએ આદિજાતિ સલાહકાર કાઉન્સિલની સ્થાપના કરવાની રહેશે.
3. આદિજાતિ સલાહકાર કાઉન્સિલ 20 સભ્યોની બનેલી હશે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

136. ભારતના ચૂંટણી આયોગ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. બંધારણે ચૂંટણી આયોગના સભ્યોની મુદતની સ્પષ્ટતા કરેલી છે.
2. બંધારણે નિવૃત્ત થતા ચૂંટણી આયુક્તોને સરકાર દ્વારા કોઈપણ વધુ રોજગારી/નિમણૂક અપવા સામે પ્રતિબંધ કર્યો છે.
3. ભારતના મુખ્ય ચૂંટણી આયુક્ત ફક્ત રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દા ઉપર રહી શકે છે.
(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

137. નીચેના પૈકી કઈ બાબતો સંઘ જાહેર સેવા આયોગની કાર્યકારી હકૂમત (functional jurisdiction) ની બહાર રાખવામાં આવી છે ?
1. પછાત વર્ગના નાગરીકોના તરફેણમાં નિમણૂક અથવા જગ્યાઓ માટે અનામતની જોગવાઈ કરવી.
2. સેવાઓ અને હોદ્દાઓ ઉપર નિમણૂકો કરતી વખતે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના દાવાઓ ધ્યાનમાં લેવા.
3. આયોગો અથવા ટ્રીબ્યુનલોની અધ્યક્ષતા અથવા સભ્યપદની પસંદગી
(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

138. તાબાની અદાલતો બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
1. સીટી સીવિલ કોર્ટના ન્યાયાધીશ, અધિક જીલ્લા ન્યાયાધીશ અને સ્મોલ કોઝ અદાલતોના મુખ્ય ન્યાયાધીશની પણ જીલ્લા ન્યાયાધીશ તરીકે ગણના થાય છે.
2. જીલ્લા ન્યાયાધીશ ફક્ત દીવાની દાવાઓમાં જ મૂળ અને અપીલીય હકૂમત ધરાવે છે.
3. સેશન્સ ન્યાયાધીશ કોઈપણ કેસમાં મહત્તમ સજા તરીકે આજીવન કારાવાસ આપવાની સત્તા ધરાવે છે.
(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 (D) ફક્ત 2 અને 3

139. 73મા બંધારણીય સુધારા અધિનિયમ હેઠળ નીચેના પૈકી કઈ જોગવાઈઓ ફરજીયાત જોગવાઈઓ ગણવામાં આવે છે ?
1. ગામડાં, વચલી કક્ષાએ અને જીલ્લા સ્તરે પંચાયતોમાં તમામ બેઠકો ઉપર ચૂંટણી આપવાના આદેશ કરવો.
2. પંચાયતોમાં ચૂંટણી લડવા માટે લઘુત્તમ વય 21 વર્ષ
3. પંચાયતોના તમામ નાણા જમા કરવા માટે ભંડોળ ઊભું કરવાની જોગવાઈ
4. પંચાયતના સીધી અથવા પરોક્ષ રીતે ચૂંટાયેલા અધ્યક્ષ અને અન્ય સભ્યોના મતાધિકાર
(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 2, 3 અને 4

140. અનુસૂચિત જાતિઓ માટેના રાષ્ટ્રીય આયોગની સત્તાઓ અને કાર્યો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. આયોગને કોઈપણ બાબતમાં કે કોઈપણ ફરિયાદમાં તપાસ કરવા માટેની દીવાની અદાલતની સત્તાઓ છે.
2. કોઈપણ અદાલત અથવા કચેરીમાંથી જાહેર રેકર્ડ માંગવાની સત્તા છે.
3. આયોગને સોગંદનામાઓ ઉપર પુરાવા મેળવવાનો કોઈ અધિકાર નથી.
(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

141. રાજ્ય માહિતી આયોગ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
1. આયોગ રાજ્ય મુખ્ય માહિતી આયુક્ત અને 15 કરતાં વધારે નહીં એટલા માહિતી આયુક્તોનું બનેલું છે.
2. તેઓની નિમણૂંક રાજ્યપાલ દ્વારા પસંદગી સમિતિની ભલામણો ઉપર થાય છે.
3. પસંદગી સમિતિ મુખ્યમંત્રી તેના અધ્યક્ષ તરીકે અને વિરોધ પક્ષના નેતા અને ફક્ત રાજ્યના ગૃહમંત્રીનો સમાવેશ કરે છે.
(A) ફક્ત 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

142. કેન્દ્રીય તકેદારી આયોગ (CVC)ની હકૂમત બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓમાં મેનેજર અને તેની ઉપરના હોદ્દાઓ CVC ની હકૂમત હેઠળ આવે છે.
2. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, SIDBI અને NABARD ના ગ્રેડ D અને તેની ઉપરના અધિકારીઓ CVC ની હકૂમત હેઠળ આવે છે.
3. સંરક્ષણ સામગ્રી પ્રાપ્ત કરવાની પ્રક્રિયા સાથે સંકળાયેલાં સંરક્ષણ દળના કર્નલ અને તેની નીચેની પાયરીના અધિકારીઓ CVC ની હકૂમત હેઠળ આવે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

143. ભારતમાં જાહેર સેવાઓ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. 1974 માં કેન્દ્રીય સેવાઓ ગ્રુપ A, ગ્રુપ B, ગ્રુપ C અને ગ્રુપ D માં વર્ગીકૃત કરવામાં આવી હતી.
2. હાલમાં ગ્રુપ A જુદી જુદી 91 સેવાઓનો સમાવેશ કરે છે.
3. ભારતના બંધારણના અનુચ્છેદ 310 અનુસાર અખિલ ભારતીય સેવા અને કેન્દ્રીય સેવાના અધિકારીઓ રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દા ઉપર રહી શકે છે.
4. રેલ્વે કર્મચારીવર્ગ સેવાઓ કેન્દ્રીય સેવાઓ ગ્રુપ A હેઠળ આવે છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 2 અને 3

144. ખાસ વર્ગો માટેની ખાસ જોગવાઈઓ બાબત નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) 2018ના 102મા સુધારા અધિનિયમે રાષ્ટ્રપતિને રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશના સંબંધે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સ્પષ્ટતા કરવા અધિકૃત કર્યા.

(B) ભારતીય બંધારણના 16મા ભાગમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અને પછાત વર્ગો તેમજ એંગ્લોઈન્ડીયન માટેની ખાસ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

145. રાજ્યપક્ષ તરીકેની માન્યતા માટે નીચેના પૈકી કઈ શરત/શરતોનું પાલન થવું જરૂરી છે ?

(A) જો તેણે સંબંધીત રાજ્યમાંથી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં રાજ્યના કુલ માન્ય મતોના 6% મત મેળવેલા હોવા જોઈએ.

(B) જો તેણે રાજ્યની વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં વિધાનસભાની બેઠકોની 3% બેઠકો જીતેલી હોવી જોઈએ.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

146. ભારતના ઉપરાષ્ટ્રપતિ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં નથી ?

1. જ્યારે ભારતના ઉપરાષ્ટ્રપતિ ભારતના રાષ્ટ્રપતિ તરીકે ફરજ બજાવે છે ત્યારે તેઓ રાજ્યસભાના અધ્યક્ષ તરીકે ફરજો બજાવી શકતા નથી.
2. ઉપરાષ્ટ્રપતિ ભારતના એકત્રિત ભંડોળમાંથી પગાર અને અન્ય ભથ્થાઓ ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે મેળવે છે.
3. જ્યારે પણ ઉપરાષ્ટ્રપતિ ભારતના રાષ્ટ્રપતિ તરીકે ફરજો બજાવે છે ત્યારે તેઓ ભારતના રાષ્ટ્રપતિની સત્તાઓ, રક્ષણ અને વિશેષાધિકારો ભોગવે છે.
4. જ્યારે ઉપરાષ્ટ્રપતિનું પદ ખાલી પડે ત્યારે ઉપરાષ્ટ્રપતિની ફરજો કોણ બજવશે તે બાબતે બંધારણ મૌન (silent) છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 4

147. રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન જાહેર કરવાના નીચેના પૈકી કયા પરિણામો હોવા જરૂરી નથી ?
1. રાજ્યવિધાનસભાનું વિસર્જન થવું.
2. રાજ્યમાં મંત્રીમંડળનું દૂર થવું.
3. સ્થાનિક સંસ્થાઓનું વિસર્જન થવું.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

148. બંધારણીય સુધારા ખરડાઓ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. સંસદમાં બંધારણીય સુધારો ખરડો ખાનગી સભ્યો (Private members) લાવી શકતા નથી.
2. સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા બંધારણીય સુધારા ખરડાને રાષ્ટ્રપતિ પુનર્વિચાર માટે પરત મોકલી શકતા નથી.
3. બંધારણીય સુધારા ખરડાને મંજૂરી માટે ખાસ બહુમતીની જરૂર પડે છે.
4. બંધારણીય સુધારા ખરડાને પસાર કરવા માટે સંસદની સંયુક્ત બેઠક થઈ શકતી નથી.
(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 2, 3 અને 4

149. નીચેના પૈકી કયું સરકાર દ્વારા જારી કરવામાં આવેલા વટહુકમનું ઉત્કૃષ્ટ વર્ણન છે ?
(A) કારોબારીની વૈધાનિક સત્તા (B) ધારાસભાની વૈધાનિક સત્તા
(C) ધારાસભાની કારોબારી સત્તા (D) કારોબારીની કારોબારી સત્તા

150. આજ સુધી ભારતમાં .......... જેટલા સીમાંકન આયોગોની સ્થાપના થઈ છે.
(A) 3 (B) 4
(C) 5 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

151. પર્યાવરણ, વન અને જળવાયુ પરીવર્તન મંત્રાલય અનુસાર પાવરપ્લાન્ટના વર્ગીકરણ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. વર્ગ A પાવર પ્લાન્ટ – નેશનલ કેપીટલ રીજીયન અને 10 લાખથી વધુ વસ્તુ ધરાવતા શહેરોની 10 કિ.મી. ત્રિજ્યામાં
2. વર્ગ B પાવર પ્લાન્ટ – ગંભીર રીતે પ્રદૂષિત વિસ્તારો (critically polluted areas ) અથવા નોન એટેનમેન્ટ (non-attainment) શહેરોની 10 કિ.મી. ત્રિજ્યામાં
3. વર્ગ C પાવર પ્લાન્ટ – નદીપટની 10 કિ.મી. ત્રિજ્યામાં
4. વર્ગ D પાવર પ્લાન્ટ – વર્ગ A, B અને C માં આવતાં ના હોય એવા તમામ અન્ય પાવર પ્લાન્ટ
(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 3 અને 4

152. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

| રોગ | કારક એજન્ટ | સંક્રમણની રીત |
|---|---|---|
| 1. પોલિયો અથવા પોલિયો માયલિટિસ | – પોલિયો વાઈરસ | – પાણી/મોઢામાંથી નીકળતા પદાર્થ (faecal mouth) |
| 2. પગ અને મોંઢાના રોગ | – પાઈકોરના વાઈરસ | – નજીકથી સંપર્ક |
| 3. શીતળા | – વેરિઓલા બેક્ટેરિયા | – હવા/સંપર્ક/પાણી |

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

153. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. કેન્દ્રક (nucleus) દોરા જેવું માળખું ધરાવતાં રંગસૂત્રો સમાવે છે.
2. DNA પરમાણુઓ (molecules) કોષના નિર્માણ અને આયોજન માટેની જરૂરી માહિતીનો સમાવેશ કરે છે.
3. રંગસૂત્રો ફક્ત જ્યારે કોષ વિભાજીત થવાનો હોય ત્યારે ડંડા (rod) આકારનું માળખા તરીકે દૃશ્યમાન થાય છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

154. C T Scan બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) શરીરના ત્રાંસા છેદની (Cross sectional) છબીઓ બનાવવા માટે કમ્પ્યુટરાઈઝ્ડ ટોમોગ્રાફી (Computerised tomography) સ્કેન કમ્પ્યુટર અને ફરતાં (rotating) X-ray મશીનનો ઉપયોગ કરે છે.

(B) CT Scan નરમ પેશીઓ (soft tissues), રક્તવાહિનીઓ અને હાડકાં દર્શાવી શકતા નથી.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

155. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચા છે ?

(A) પારો (mercury) ગંભીર ઝેરી કચરો બન્યું છે.

(B) બેરોમીટર, થર્મોમીટર અને ફ્લોરોસેન્ટ ગોળામાં પારો (mercury) જોવા મળે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

156. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચા છે ?

(A) કોમ્પોસ્ટીંગ (composting) એનારોબિક (anaerobic) પરિસ્થિતિઓમાં થાય છે.

(B) તે જમીનની જળ પ્રતિધારણ (water retention) ક્ષમતા ઘટાડે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

157. આંતરરાષ્ટ્રીય પ્રકૃતિ સંરક્ષણ સંઘ (IUCN) ના વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિના વર્ગીકરણ અનુસાર નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. લુપ્ત – એવી પ્રજાતિઓ કે જેઓના આખરી જીવ પણ મૃત્યુ પામ્યું હોય.
2. જંગલી લુપ્ત (Extinct in the Wild) – એવી પ્રજાતિઓ કે જેઓના જીવ ફક્ત બંધનાવસ્થામાં ટકી રહ્યાં હોય.
3. નિર્બળ (Vulnerable) – છેલ્લા 10 વર્ષોમાં વસ્તીમાં 50% કરતાં વધારે ઘટાડો.
4. ગંભીર રીતે જોખમમાં મૂકાયેલા – 250 પુખ્ત જીવો કરતાં ઓછું વસ્તી કદ

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4

158. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. પન્ના – કેન નદીનો કેચમેન્ટ વિસ્તાર
2. શેષાચલમ પહાડીઓ – પૂર્વ ઘાટ
3. સિમલિપાલ – દક્કન દ્વીપકલ્પ
4. નોકરેક – પશ્ચિમ ઘાટ

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 4 (D) 1, 2, 3 અને 4

159. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. નાઈટ્રસ ઓક્સાઈડ ઓરડાના તાપમાને રંગવિહીન, ગંધહીન હોય છે.
2. નાઈટ્રસ ઓક્સાઈડ ઓરડાના તાપમાને અતિ જ્વલનશીલ હોય છે.
3. નાઈટ્રસ ઓક્સાઈડ મુખ્ય ગ્રીન હાઉસ વાયુ અને હવા પ્રદૂષક છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

160. આલ્બેડો (Albedo) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. પૃથ્વીનો સરાસરી આલ્બેડો 30-35% ની શ્રેણીમાં હોય છે પરંતુ તે અલગ અલગ વિસ્તારો માટે બદલાય છે.
2. પાણી 0.1 નો ઓછો આલ્બેડો ધરાવે છે.
3. વાદળાઓ સામાન્ય રીતે ઊંચો આલ્બેડો દર્શાવે છે પરંતુ ખરેખર વાદળાની ઘનતા ઉપર આધાર રાખે છે.
4. જંગલો ઊંચો આલ્બેડો ધરાવે છે અને તેથી વધુ સૂર્યપ્રકાશ શોષે છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4

161. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. મોતિયા (Cataract) ના લક્ષણોમાં નિસ્તેજ રંગો દેખાવા, ઝાંખી દૃષ્ટિ, પ્રકાશની આસપાસ પ્રભામંડળનો સમાવેશ થાય છે.
2. આંખના લેન્સની કેન્દ્રીય લંબાઈ ગમે તેટલી હદ સુધી ઘટાડી શકાય છે.
3. નેત્રપટલ (retina) મોટી સંખ્યામાં પ્રકાશ સંવેદનશીલ કોષો ધરાવે છે કે જે તેના ઉપર પ્રકાશ પડતાં સક્રિય થાય છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

162. અણુ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તમામ પદાર્થો ખૂબ જ નાના કણોના બનેલા હોય છે જેને અણુ કહે છે.
2. અણુઓને રાસાયણિક પ્રતિક્રિયામાં ઉત્પન્ન અથવા નાશ કરી શકાતા નથી.
3. અણુઓ સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવી શકતા નથી, તેઓ પરમાણુઓના સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવે છે.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

163. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. હિરા ખૂબ જ ઊંચો ગલન આંક (Melting point) ધરાવે છે.
2. ગ્રેફાઈટ ઊંજણ (lubricant) તરીકે કાર્ય કરી શકે છે.
3. ગ્રેફિન (Graphene) એ શુધ્ધ કાર્બનનું પાતળું સ્તર છે.
4. ગ્રેફિન (Graphene) ગરમીનું સૌથી ખરાબ વાહક (conductor) છે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

164. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. પક્ષીઓ – કાનના બદલે કર્ણ છિદ્રો (Ear holes)
2. સસ્તન પ્રાણીઓ – ગરમ લોહીવાળા અને ચાર અંગો (limbs) ધરાવે છે.
3. સરિસૃપ – કાનના બદલે કર્ણ છિદ્રો (Ear holes)
4. ઉભયજીવીઓ – ફક્ત એક ઈંડુ મૂકે છે.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1, 3 અને 4

165. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. માદાઓમાં તમામ અંડકોષો તેના ઉપર C રંગસૂત્રો ધરાવે છે.
2. નરમાં અડધા શુક્રાણુઓ X રંગસૂત્રો ધરાવે છે અને બીજા અડધા Y રંગસૂત્રો ધરાવે છે.
3. રંગસૂત્રોની 23 જોડીઓ પૈકી 22 જોડીઓને ઓટોસમ (autosomes) કહે છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

166. જો પૃથ્વીના વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ના હોય તો પૃથ્વીની સપાટીનું તાપમાન ..........

(A) વાતાવરણમાં ઓક્સીજનની માત્રા ઉપર આધારીત છે.
(B) હાલના કરતા વધુ રહેશે.
(C) હાલના કરતા ઓછું રહેશે.
(D) સરખુ જ રહેશે.

167. છત ઉપર સ્થાપિત રૂફ સોલર પેનલ (Roof Solar Panel) માંથી ઉત્પન્ન થતી ઊર્જા (power) ની માત્રા .......... ઉપર આધાર રાખતી નથી.

(A) ઢોળાવનો ખૂણો (Angle of inclination)
(B) ધૂળ અને ગંદકીનો થર
(C) ગ્રીડ પાવર (Grid power)નો વોલ્ટેજ
(D) પેનલોનું તાપમાન

168. રાષ્ટ્રીય માહિતી કેન્દ્રએ (NIC) GIS માં જમીનોનું નકશાકરણ અને જમીન રેકર્ડમાં ફેરફારો માટેની જોગવાઈઓ કરવાની પહેલ કરી છે. આ પહેલને .......... કહે છે.

(A) ભૂ-નકશા
(B) ભૂ-મેપ
(C) જીઓ-પારસલ
(D) ભૂ-ગ્રામ

169. ફોટોવોલ્ટેઈક કોષોનું નીચેના પૈકી કયું મુખ્ય કાર્ય છે ?

(A) સૌર ઊર્જાનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર
(B) થર્મલ વિકિરણનું (Thermal radiation) પ્રકાશમાં રૂપાંતર
(C) વોલ્ટેજ લાગુ કરતાં પ્રકાશ આપવો (Release of light upon applied voltage)
(D) ફોટોનનું સંચય અને સંગ્રહ

170. નિવસનતંત્રમાં પ્રકાશસંશ્લેષણ દરમ્યાન સેન્દ્રીય પદાર્થના ઉત્પાદનના દરને .......... કહે છે.

(A) કુલ પ્રાથમિક ઉત્પાદકતા (Gross Primary Productivity)
(B) ચોખ્ખી પ્રાથમિક ઉત્પાદકતા (Net Primary Productivity)
(C) કુલ ગૌણ ઉત્પાદકતા (Gross Secondary Productivity)
(D) ચૌખ્ખી ગૌણ ઉત્પાદકતા (Net Secondary Productivity)

171. રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO) એ ભારતમાં પરીક્ષણ સુવિધાઓ ઊભી કરવા દેશને .......... ઝોનમાં વિભાજીત કર્યો છે.

(A) સાત (B) ચાર (C) પાંચ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

172. નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં વધારો પ્રકાશસંશ્લેષણના દરમાં વધારા તરફ દોરી જશે.

(B) વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં વધારો પ્રકાશસંશ્લેષણના દરમાં ઘટાડા તરફ દોરી જશે.

(C) વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં વધારો વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડનું સમૂદ્રને ચોખ્ખું સ્થાનાંતરણ (net transfer) નું કારક બનશે.

(D) ઉપરોક્ત તમામ

173. નેટ મીટરીંગ (Net Metering) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તે વિજળી વિતરણ વ્યવસ્થાઓ (electricity distribution systems) ઉપર તાણ/દવાબ (strain) ઓછો કરે છે.
2. તે ઉપયોગિતાઓને (utilities) તેમના મહત્તમ / ટોચના વિજળી ભાર (peak electricity loads) નો વધુ સારી રીતે પ્રબંધ કરાવે છે.
3. તે એક બિલીંગ મિકેનીઝમ (Billing Mechanism) છે કે જે સૌર ઊર્જા સીસ્ટમના માલિકોને તેઓ ગ્રીડમાં જે વિજળી ઉમેરે છે તે જમા (credit) આપે છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

174. ક્લાઈમેટ પાર્લામેન્ટ (Climate Parliament) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો / સાચું / સાચાં છે ?

(A) ક્લાઈમેટ પાર્લામેન્ટ જળવાયુ પરિવર્તન અટકાવવા અને પુનઃપ્રાપ્ય ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત ધારાસભ્યોનું આંતરરાષ્ટ્રીય ક્રોસ-પાર્ટી નેટવર્ક (International cross-party network) છે.

(B) તેનું મુખ્ય મથક યુનાઈટેડ કિંગ્ડમ (UK) માં છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

175. GSWAN બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) SWAN તમામ 33 જિલ્લાઓ, 248 તાલુકાઓને જોડે છે જે આખરે ગુજરાત સરકારની 5000 કરતા વધુ કચેરીઓને સુરક્ષિત ડીજીટલ સંદેશાવ્યવહાર માટે પરસ્પર જોડે છે.

(B) તમામ જિલ્લાઓ ડેટા પ્રોસેસીંગ માટે GSWAN ની બેન્ડવીડ્થ (bandwidth) નો 55% દૈનિક સરેરાશ ઉપયોગ કરે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

176. એક શંકુ અને એક ગોળાની ત્રિજ્યા અને ઘનફળ સરખાં છે. તો શંકુની ઉંચાઈ અને ગોળાના વ્યાસનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 1 : 2 (B) 2 : 1 (C) 3: 2 (D) 2 : 3

177. એક વ્યક્તિ 6 કિમીનું અંતર કાપવા માટે 84 મિનિટ નો સમય નક્કી કરે છે. તે કુલ અંતર પૈકી 2/3 અંતર 4 કિમી/કલાકની ઝડપે કાપે છે. તો નિયત કરેલા સમયે પહોંચવા બાકીનું અંતર તેણે કેટલી ઝડપે કાપવું જોઈએ ?

(A) 5 કિમી/કલાક (B) 5.6 કિમી/કલાક
(C) 6 કિમી/કલાક (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

178. 25 વ્યક્તિઓ એક કામ 16 દિવસમાં કરે છે. કામ શરૂ થયાના 4 દિવસ પછી કેટલાક લોકો કામ છોડી દે છે. જો બાકીનું કામ 15 દિવસમાં પુરૂં થયું હોય તો 4 દિવસ પછી કેટલા લોકોએ કામ છોડ્યું હશે?

(A) 3 (B) 5 (C) 6 (D) 8

179. એક સંખ્યા પહેલા 30% જેટલી ઘટાડવામાં આવે છે, ત્યારબાદ આ ઘટાડેલી સંખ્યા 25% જેટલી વધારવામાં આવે છે. પરિણામે મળતી સંખ્યા મૂળ સંખ્યા કરતાં 50 જેટલી ઓછી હોય તો મૂળ સંખ્યા કઇ હશે?

(A) 200 (B) 400

(C) 800 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

180. $\left(3 + 2\sqrt{5}\right)^2 = 29 + \sqrt{K}$ હોય તો K નું મૂલ્ય કેટલું થશે?

(A) 720 (B) 740

(C) 770 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

181. ભૂમિદળના એક સિલેક્શન કેમ્પમાં પસંદગી પામેલા અને નાપસંદ થયેલા ઉમેદવારોનો ગુણોત્તર 3 : 1 છે. જો તે કેમ્પમાં, 60 જેટલા ઓછા ઉમેદવારોએ ભાગ લીધો હોત તથા 30 જેટલા ઓછા ઉમેદવારો પસંદ થયા હોત તો પસંદગી પામેલા અને નાપસંદ થયેલા ઉમેદવારોનો ગુણોત્તર 5 : 1 થાત. તો મૂળ કેટલા ઉમેદવારોએ કેમ્પમાં ભાગ લીધો?

(A) 240 (B) 480

(C) 640 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

182. 20 વસ્તુઓની મૂળ કિંમત $x$ વસ્તુઓની વેચાણ કિંમત જેટલી છે. જો નફો 25% હોય તો $x$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 12 (B) 16

(C) 24 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

183. એક સમગુણોત્તર શ્રેણીના પ્રથમ 5 પદોનો સરવાળો 363 છે. જો સામાન્ય ગુણોત્તર 1/3 હોય તો પ્રથમ પદ કયુંહશે?

(A) 145 (B) 243

(C) 343 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

184. જો એક સંખ્યાના 0.6 ગણા બરાબર બીજી એક સંખ્યાના 0.025 ગણા થાય. તો તે બે સંખ્યાઓનો ગુણોત્તર કેટલો થશે?

(A) 1 : 18 (B) 1 : 21 (C) 1 : 24 (D) 1 : 30

185. બે સંખ્યાઓ એક અન્ય સંખ્યા કરતાં અનુક્રમે 25% અને 50% જેટલી વધારે છે. તો તે બે સંખ્યાઓ પૈકી પ્રથમ સંખ્યા બીજી સંખ્યાના કેટલા ટકા હશે ?

(A) 75% (B) 80%

(C) 85% (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

186. P, Q અને R નું સરેરાશ વજન 61 કિલો છે. જો P અને Q નું સરેરાશ વજન 67.5 કિલો હોય અને Q અને R નું સરેરાશ વજન 52.5 કિલો હોય તો Q નું વજન કેટલું હશે?

(A) 55 કિલો (B) 57 કિલો

(C) 64 કિલો (D) આમાંનુ એક પણ નહી.

187. જો $\sqrt{x} \div \sqrt{529} = 0.02$ હોય તો $x$ નું મૂલ્ય કેટલું થશે ?

(A) 0.02116 (B) 0.2116 (C) 2.116 (D) 21.16

188. 600 કિમીની એક યાત્રામાં એક કાર એક મોટર સાયકલ કરતાં 20 કિમી/કલાક જેટલી વધારે ઝડપે ગતિ કરે છે. જો તે અંતર કાપતા મોટર સાયકલને કાર કરતાં 15 કલાક વધારે લાગે તો કારની ઝડપ કેટલી હશે?

(A) 40 કિમી/કલાક (B) 30 કિમી/કલાક

(C) 45 કિમી/કલાક (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

189. એક વ્યક્તિ એક ચોક્કસ રકમ પર છ વર્ષ બાદ રૂા. 15,200 સાદા વ્યાજ તરીકે મેળવે છે. જો પ્રથમ બે વર્ષ માટે વ્યાજનો દર 3%, તે પછીના ત્રણ વર્ષ માટે 8% અને ત્યાર પછીના વર્ષ માટે 10% હોય તો તે ચોક્કસ રકમ કેટલી હશે?

(A) રૂા. 34,600
(B) રૂા. 38,000
(C) રૂા. 39,800
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

190. કેટલાક છોકરાઓ અને છોકરીઓ વચ્ચે રૂા. 675 વહેંચવામાં આવે છે. જો છોકરાઓ અને છોકરીઓની કુલ સંખ્યા 75 હોય, તથા દરેક છોકરાને રૂા. 20 અને દરેક છોકરીને રૂા. 5 મળ્યા હોય; તો છોકરીઓની સંખ્યા કેટલી હશે?

(A) 51
(B) 53
(C) 55
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

191. એક ટ્રેન એક 2 કિમી/કલાક ની ઝડપે ટ્રેનની તરફ ચાલતા વ્યક્તિને 9 સેકન્ડ અને 4 કિમી/કલાકની ઝડપે ટ્રેનની તરફ ચાલતા વ્યક્તિને 10 સેકન્ડમાં પસાર કરે છે. તો ટ્રેનની લંબાઈ કેટલી હશે?

(A) 50 મીટર
(B) 75 મીટર
(C) 100 મીટર
(D) 150 મીટર

★ (નિર્દેશ : પ્રશ્ન નં. 192 થી 195) એક વર્ગમાં 400 વિદ્યાર્થીઓ છે. તેમાં દરેકને લાલ, કાળો અને નારંગી પૈકી ઓછામાં ઓછો એક રંગ પસંદ છે. 25 વિદ્યાર્થીઓને કાળો અને લાલ બંને રંગો ગમે છે પરંતુ નારંગી રંગ ગમતો નથી. 26.25% વિદ્યાર્થીઓને માત્ર લાલ, 21.25% વિદ્યાર્થીઓને માત્ર નારંગી અને 3/16 વિદ્યાર્થીઓને માત્ર કાળો રંગ પસંદ છે. 20 વિદ્યાર્થીઓને તમામ ત્રણેય રંગો ગમે છે. લાલ અને નારંગી બંને ગમતા હોય પણ કાળો રંગ ન ગમતો હોય એવા વિદ્યાર્થીઓ અને તમામ ત્રણેય રંગો ગમતા હોય એવા વિદ્યાર્થીઓનો ગુણોત્તર 1: 1 છે.

192. જેમને લાલ રંગ ગમતો હોય અને જેમને કાળો રંગ ગમતો હોય એવા વિદ્યાર્થીઓની સંખ્યાનો તફાવત કેટલો થશે ?

(A) 20
(B) 25
(C) 15
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

193. જેમને ઓછામાં ઓછા બે રંગ ગમતા હોય તેવા વિદ્યાર્થીઓનો, જેમને માત્ર એક જ રંગ ગમતો હોય તેવા વિદ્યાર્થીઓ સાથેનો ગુણોત્તર કેટલો થશે?

(A) 27 : 53
(B) 21 : 61
(C) 27 : 73
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

194. બરાબર બે જ રંગ ગમતા હોય એવા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી?

(A) 110
(B) 125
(C) 130
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

195. જેમને લાલ અને કાળો રંગ ગમતો હોય પરંતુ નારંગી રંગ ન ગમતો હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા અને જેમને માત્ર નારંગી રંગ ગમતો હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યાનો ગુણોત્તર કેટલો છે?

(A) 5 : 17
(B) 5 : 19
(C) 6 : 17
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

★ (નિર્દેશ : પ્રશ્ન નં. 196 થી 198) નીચેની વિગતોનો કાળજીપૂર્વક અભ્યાસ કરો અને આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

**એક કુટુંબના તમામ 6 સભ્યો : P, Q, R, S, T અને U સાથે પ્રવાસ કરી રહ્યા છે. Q એ R નો પુત્ર છે. R અને P દંપતી છે. R એ T નો ભાઈ છે. P એ S ની માતા છે. T અને U કાકા-ભત્રીજો છે. કુટુંબમાં 4 પુરુષ સભ્યો છે.**

196. Q અને P વચ્ચે કયો સંબંધ છે?

(A) ભાઈ-બહેન (B) પુત્ર-માતા

(C) ભત્રીજો-ફોઈ (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

197. S એ T સાથે કયો સંબંધ ધરાવે છે?

(A) ભત્રીજો (B) ભત્રીજી

(C) બહેન (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

198. નીચે પૈકી કઈ જોડી સ્ત્રીઓની છે?

(A) P, S (B) R, S

(C) T, Q (D) S, Q

199. રાકેશ પૂર્વ તરફ જોઈ ઊભો છે. ત્યાંથી તે ડાબી તરફ ફરી 10 મીટર ચાલે છે. ત્યારબાદ તે પુનઃ ડાબી તરફ ફરી 10 મીટર ચાલે છે. પછી તે જમણી તરફ 45° ના ખૂણે ફરી 25 મીટર ચાલે છે. હવે તે મૂળ સ્થાનથી કઈ દિશામાં છે?

(A) ઉત્તર-પશ્ચિમ (B) દક્ષિણ-પશ્ચિમ

(C) ઉત્તર-પૂર્વ (D) દક્ષિણ-પૂર્વ

200. એક સાંકેતિક ભાષામાં 'PHOTOGRAPH' નો સંકેત 'RJQVQITCRJ' છે. તો 'VISION' નો સંકેત કયો થશે?

(A) XKUKQP (B) XKVKQR

(C) XLUKPP (D) YKUJQR

# AVQ-2

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **ASSISTANT (SAHAYAK), Class-III, (GMDC)** |
| **Advertisement No.** | **39/2020-21** |
| **Preliminary Test held on** | **13-08-2021** |
| **Question No.** | **001 – 200** |
| **Publish Date** | **13-08-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **20-08-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 14-08-2021; 4:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion should be uploaded along with the details in the prescribed format (**suggestion sheet**) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the options and answers given in the Provisional answer key (Master Question Paper with answer), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the provisional answer key.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if answers given in the answer sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate suggestion sheet. Objection for more than one question in single suggestion sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ વાંધા-સૂચન પત્રક **(Suggestion Sheet)**ના નમૂનાનો જ ઉપયોગ કરવો અને પોતાના વાંધા સૂચન સાથે સજેશન શીટ વિગત ભરીને અપલોડ કરવી.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક **(Suggestion Sheet)** વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : [http://150.129.165.5/GPSC_Suggestion/](http://150.129.165.5/GPSC_Suggestion/)**

001. She _______ anything about his past yet. (use the correct form of 'never hear')

(A) never hear (B) never heard

(C) have never heard (D) has never heard

002. My friend _______ me for many years when I _______ him last week. (use the correct form of 'not see', 'meet')

(A) not seen, had met (B) hasn't seen, met

(C) hadn't seen, met (D) not seen, has met

003. The aims of the course _______ me willing to begin.

(A) makes (B) were made

(C) make (D) making

004. The weight of the apples _______.

(A) were varied (B) vary

(C) varying (D) varies

005. The officials were planning _______ the meeting but the investors were not willing _______ the discussion.

(A) to postpone / to stop (B) postponing / stopped

(C) to postpone / stopping (D) have postponed / to have stopped

006. The shopkeeper denied _____ of the inferior quality of noodles.

(A) having informed (B) having been informed

(C) to have informed (D) to have been informed

007. I don't remember _____ anything about the picnic.

(A) been telling (B) having told

(C) being told (D) to tell

008. Not every style _____ good on every ______.

(A) look, person (B) looks, person

(C) looking, persons (D) has looking, persons

009. Scientists use _____ variety of methods to study _____ behaviour of tigers and track their movements.

(A) a, the (B) no article, no article

(C) a, a (D) the, the

010. The police caught the thief _____ the corner of Cascade and Plum Streets.

(A) in
(B) at
(C) from
(D) by

011. The professor _______ South Africa amazed the American students with her stories.

(A) from
(B) of
(C) in
(D) with

012. My parents have been married ______ forty-nine years.

(A) since
(B) for
(C) until
(D) last

013. Look at that giant man. Have you ever seen a ____ one?

(A) smaller
(B) huge
(C) tall
(D) taller

014. My room is _______ than anybody else's room.

(A) so clean
(B) as clean
(C) cleaner
(D) cleanest

015. I didn't get _______ sleep last night.

(A) many
(B) some
(C) much
(D) few

016. I don't have _______ friends.

(A) much more
(B) many
(C) so many
(D) so much more

017. This sandwich tastes _______.

(A) awfuller
(B) more awful
(C) awful
(D) awfully

018. He mentioned _______ what he needed. The suit proved to be _______ and designed _______ as per his requirements.

(A) exact, perfect, exact
(B) exactly, perfectly, exactly
(C) exactly, perfectly, exact
(D) exactly, perfect, exactly

019. It was a _______ decision. All of them acted _______ in the end.

(A) sensibly, sensibly
(B) sensible, sensible
(C) sensible, sensibly
(D) sensibly, sensible

020. He can't walk _______ he fell off the chair _______ hurt his foot, _______ he has a lot of time to read.

(A) and, because, so
(B) because, and, so
(C) so, and, because
(D) because, so, and

021. He couldn't get the job _______ his qualifications.

(A) though
(B) despite
(C) even though
(D) despite the fact that

022. The thief was arrested _______ he was trying to break into a house.

(A) as
(B) where
(C) otherwise
(D) as long as

023. The teacher didn't punish the cheating student _______ he would never do it again.

(A) in case
(B) for fear that
(C) provided that
(D) otherwise

024. Let's watch a film, _______?

(A) shall we
(B) don't we
(C) do we
(D) aren't we

025. He never goes to bed before 10 o'clock, _______?

(A) isn't he
(B) is he
(C) doesn't he
(D) does he

026. She has had as _______ success as her brother.

(A) much
(B) any
(C) many
(D) some

027. There are _______ potatoes in the cupboard, but I don't have _______ carrots, I need to buy some.

(A) no / a few
(B) some / any
(C) any / a little
(D) many / much

028. My neighbour had _______ to park his car, but _______ allowed him to park in their garage.

(A) somewhere / everywhere
(B) anywhere / nothing
(C) nowhere / somebody
(D) everywhere / anybody

029. There are _______ children but _______ adults in the playground today.

(A) many / a little
(B) a lot of / every
(C) little / much
(D) few / a lot of

030. I _______ be at home by 10 o'clock otherwise my father said that he would not let me in.

(A) should
(B) have to
(C) dare
(D) may

031. You _______ the meeting early. The professor mentioned very prominent subjects at the end.

(A) might not leave
(B) shouldn't have left
(C) shouldn't leave
(D) must not leave

032. Why do you tell a lie? *(Change the voice)*

(A) Why a lie told by you?
(B) Why is a lie be told by you?
(C) Why is a lie told by you?
(D) Why is a lie being told you?

033. He has shown good performance. *(Change the voice)*

(A) Good performance has shown by him.
(B) Good performance has been shown by him.
(C) Good performance had been shown by him.
(D) Good performance has be shown by him.

034. Some of the rice _______ still left.

(A) is
(B) are
(C) has
(D) have

035. Measles _______ a common disease among children.

(A) are
(B) is
(C) were
(D) has

036. Many a man _______ suffered during partition.

(A) have
(B) has
(C) were
(D) is

037. I _______ to music often.

(A) listens
(B) listen
(C) listening
(D) listened

038. The labourers ___________ in this factory.

(A) work
(B) works
(C) has work
(D) has worked

039. I have no experience, so I'm _______ a disadvantage when it comes to this job interview.

(A) at
(B) in
(C) with
(D) by

040. My grandparents lived in that same house _______ ages.

(A) for
(B) over
(C) since
(D) with

041. I'd rather be single _______ in a bad relationship.

(A) besides
(B) instead
(C) than
(D) beside

042. Everyone _______ the principal agreed with me.

(A) against
(B) except
(C) without
(D) aspect

043. We drove _______ the coastline of Mandvi.

(A) along
(B) onto
(C) through
(D) in

044. Surely, you're not counting on him for help. He's totally _______ .

(A) uncountable
(B) untidy
(C) unreliable
(D) dependable

045. It's very _______ work. I get awfully tired by the time I finish for the day.

(A) rewarding
(B) steady
(C) important
(D) demanding

046. Come to India, and _______ all these places where history lives on.

(A) invent
(B) memorize
(C) mention
(D) discover

047. By leaps and bounds *(Select the correct meaning)*

(A) very fast
(B) very slow
(C) in details
(D) aimlessly

048. At daggers drawn *(Select the correct meaning)*

(A) real cause
(B) to be puzzled
(C) at enmity
(D) at friendship

049. A man of straw *(Select the correct meaning)*

(A) A puppet
(B) Influential
(C) One who has no influence
(D) An honest person

050. Select the correct spelt word.

(A) Adulterate
(B) Adelturate
(C) Adultrat
(D) Adultarate

051. Select the correct spelt word.

(A) Gaurantee
(B) Guarantee
(C) Garuntee
(D) Gaurentee

052. Our _______ guest speaker this week is Dr. Kalam.

(A) eminent
(B) imminent
(C) efficient
(D) intelligent

053. Select the correct antonym of 'timid'.

(A) gentle
(B) tired
(C) brave
(D) snicker

054. A person who renounces the world and practises self-discipline to attain salvation.

(A) Sceptic
(B) Devotee
(C) Ascetic
(D) Antiquarian

055. A pioneer of a reform movement

(A) Apostle
(B) Apothecary
(C) Apotheosis
(D) Renegade

056. The government has _______ smoking in public places.

(A) prevented
(B) banned
(C) avoided
(D) stopped

057. My girlfriend wants to _______ a career in engineering.

(A) practise
(B) pursue
(C) take
(D) chase

058. The murderer was _______ to five years in prison.

(A) charged
(B) judged
(C) sentenced
(D) punished

**059.** **The _______ of the meeting is to improve relationships between the two companies.**

**(A) reason** **(B) sense**

**(C) purpose** **(D) cause**

**060.** **The press conference was a _______ because the reporters didn't learn anything new.**

**(A) dissatisfaction** **(B) regret**

**(C) discontent** **(D) disappointment**

★ ***Read the passage and answer the question no. 61 to 65 based on it.***

**If a person suddenly encounters any terrible danger, the change of nature one undergoes is equally great. Sometimes fear numbs our senses. Like animals, one stands still, powerless to move a step in fright or to lift a hand in defense of our lives, and sometimes one is seized with panic, and again, act more like the inferior animals than rational beings. On the other hand, frequently in cases of sudden extreme peril, which cannot be escaped by flight, and must be instantly faced, even the most timid men at once as if by miracle, become possessed of the necessary courage, sharp quick apprehension and swift decision. This is a miracle very common in nature. Man and the inferior animals alike, when confronted with almost certain death 'gather resolution from despair' but there can really be no trace of so debilitating a feeling in the person fighting, or prepared to fight for dear life. At such times the mind is clearer than it has ever been; the nerves are steel, there is nothing felt but a wonderful strength and daring. Looking back at certain perilous moments in my own life, I remember them with a kind of joy, not that there was any joyful excitement then, but because they broadened my horizon, lifted me for a time above myself.**

**061.** **The title that best suits the passage would be _______.**

**(A) The Will to Fight** **(B) The Miracle of Confronting Danger**

**(C) The Change of Nature** **(D) Courage and Panic**

**062.** **A man may react to sudden danger in three different ways. What are they?**

**(A) He may flee in panic, or fight back or stand still.**

**(B) He may be paralyzed with fear, seized with panic or act like an inferior animal.**

**(C) He may be paralyzed with fear, or seized with panic, or as if by miracle, become possessed of the necessary courage, and face the danger.**

**(D) He may be paralyzed with fear, run away or fight.**

**063.** **What is the meaning of the word debilitating?**

**(A) enfeeble** **(B) strengthen**

**(C) debase** **(D) thriving**

064. Explain the phrase 'gather resolution from danger'.

(A) Find peace in times of difficulty.

(B) A state of utter hopelessness makes one determined to face the difficulty.

(C) To remain calm and not to lose hope.

(D) To be enthusiastic and brave the odds.

065. The author feels happy in the recollection of dangers faced and overcome because _______ .

(A) they brought him a new experience.

(B) they added a new perspective and lifted him above himself for a time.

(C) these experiences boosted his confidence.

(D) he felt elated as he was alive.

★ નીચેના ગદ્યખંડને આધારે પ્રશ્ન 66 થી 71 ના ઉત્તર આપો.

જીવન એ એક મહાન અને કઠોર વ્રત છે. આયુષ્યના અંત પર્યન્ત પહોંચનારી સિપાહીગીરી છે. પોતાની નિર્દોષ જણાતી અભિલાષાઓને દાબી દઈ, પોતાના મનના ક્લેશોને પોતામાં જ સમાવી દઈ, રાત અને દિવસ પોતાનું સર્વસ્વ જીવનનાં કર્તવ્યો બજાવવા માટે મૂકપણે હોમી દેવું - જેને પોતાનાં તરીકે માન્યાં તેમનું પણ એ જીવનયજ્ઞમાં બલિદાન કરવું. એ રામ-ચરિત્રનું તાત્પર્ય છે. રામની પિતૃભક્તિમાં, ગુરૂભક્તિમાં, પત્નીવ્રતમાં, બંધુપ્રેમમાં, પ્રજાપાલનમાં - જ્યાં જોઈએ ત્યાં રામ એ જીવનયજ્ઞના યજમાન અને વ્રતધારી જણાયા છે. એમણે કદીયે જીવનને રમતગમતનો અખાડો નથી બનાવ્યો. બે ઘડીનાં ગપ્પાંને એમના સમયપત્રકમાં સ્થાન નથી. એમનાથી કે એમની આગળ, કદી હાંસીમશ્કરી ન થાય. એમના મુખ પરથી ગંભીરતાની છટા ઉતરે જ નહિ. વસિષ્ઠ, કૌશલ્યા, દશરથ એમના ગુરૂજનો ખરાં પણ એમની ધાર્મિકતા, ગંભીરતા અને દૃઢ નિશ્ચયતાનો પ્રભાવ એમની ઉપર પણ છાપ પાડ્યા વિના રહે નહિ. કેવી આજ્ઞા કરવી એ એમણે વિચારવું જોઈએ. રામના રોમરોમમાં મહારાજપદ ઝબકી ઊઠે છે. એમના દરબારમાં ઊભા રહેનારને પોતાના પર અપવિત્રતા કે અન્યાયનો વહેમ સરખો ના આવે એટલા શુદ્ધ થઈને જ જવું પડે. એ દિવ્ય કસોટી જ ઠરાવે. એમની ન્યાયવૃત્તિ પત્ની કે બંધુ કોઈને જુએ નહિ. એમના હૃદયમાં સ્વજન માટે પ્રેમ ખરો; એ પ્રેમના લીધે એ ભક્તને માટે લંકાધીશને મારવાને જેટલો પુરુષાર્થ અને પરાક્રમ જોઈએ તેમાંથી રતીભાર પણ ઊણપ આવવા દે નહિ, પણ છતાંય પ્રેમને વશ થઈ એ બધુ કરે તેના કરતાં કર્તવ્યની-સત્વરક્ષાની-ભાવનાને વિશેષ પ્રાધાન્ય આપતા એ જણાય. એમના અંતરમાં રહેલી ઊંડી પ્રેમની લાગણી ઉપરછલ્લું જોનારને માલુમ ના પડે; અનેક વર્ષના સહવાસથી જ એની પ્રતીતિ થાય. બીજાને તો એ નિષ્પક્ષપાતી, ન્યાયી, ધર્મપ્રિય, આંખને આંજી નાખે એવા તેજસ્વી અને કડ શાસ્તા જ લાગે. ઘણા શબ્દોથી એ લાડથી એ પોતાના પ્રેમ સામાન્ય રીતે વ્યક્ત કરે નહિ. રામ આનંદના આવેશમાં આવી અટ્ટહાસ્ય કરતા ક્વચિત જ સંભળાય, પણ પોતાના આશ્રિતજનોના ન્યાય મનોરથોને પાર પાડીને તથા એમનાં સર્વ વિઘ્નોને દૂર કરીને જ એ પોતાના પ્રેમની ખાતરી આપે.

066. રામ કઈ બાબતમાં જીવનયજ્ઞના વ્રતધારી છે ?

(A) યજ્ઞમાં બલિદાન કરવામાં.

(B) પોતાનું અને જેમને પોતાનાં તરીકે માન્યા હોય એમના માટે યજ્ઞ કરવામાં.

(C) પોતાના ફરજપાલનમાં.

(D) પોતાના માન્યા હોય એમની અભિલાષાને દાબી દેવામાં.

067. રામચરિત્રને અનુસંધાને જીવનનો અર્થ શો છે ?

(A) પોતાના જીવન ઉપર જ પોતાના જ આકરા અંકુશો રાખવા.

(B) સ્વજનો ઉપર આકરા અંકુશો રાખવા.

(C) જીવન એટલે ક્લેશો અને અભિલાષાઓ.

(D) જીવન એટલે સ્વહિતની યાત્રા.

068. મહારાજપદ ઝબકી ઊઠવું એટલે શું ?

(A) સમગ્ર રાજ્ય ઉપર પોતાનો અંકુશ.

(B) પ્રજાના સુખ અને સમૃદ્ધિ.

(C) પિતૃભક્તિ, ગુરુભક્તિ, પત્નીવ્રત અને બંધુપ્રેમમાં પક્ષપાત.

(D) આદર્શ નેતાના સર્વ ગુણોનું પ્રગટીકરણ.

069. રામના દરબારમાં જનારે કેવા થઈને જવું પડે ?

(A) પોતાના મનમાં રહેલા કૂડ-કપટને દૂર કરીને.

(B) નાહી-ધોઈને સ્વચ્છ થઈને.

(C) દરબારમાં જવાની રીતભાત શીખીને.

(D) મોંઘા વસ્ત્રો પરિધાન કરીને.

070. રામના વ્યક્તિત્વને પામવું કેમ અઘરું છે ?

(A) રામના દરબારમાં હાંસીમશ્કરી ના થાય માટે.

(B) રામ પોતાના ભાવોને ખુલીને વ્યક્ત કરતા નથી માટે.

(C) રામનું વ્યક્તિત્વ માત્ર વશિષ્ઠ જાણે છે.

(D) રામ મર્યાદા પુરુષોત્તમ છે.

071. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) વસિષ્ઠ, કૌશલ્યા અને દશરથનો પ્રભાવ રામ ઉપર પડે છે.

(B) રામ પોતાના ભક્તને પોતાના પ્રેમની ખબર પડવા દેતા નથી.

(C) રામ જીવનયજ્ઞના યજમાન અને વ્રતધારી છે.

(D) રામ ન્યાયવૃત્તિમાં પક્ષપાતી નથી.

072. સંધિ જોડો : 'મધુ+અરિ'

(A) માધુરી

(B) મધ્વરિ

(C) મધુરી

(D) માધારી

073. સંધિ જોડો : 'ચિત્ + શક્તિ'

(A) ચિચ્છક્તિ
(B) ચિત્કતી
(C) ચિત્શક્તિ
(D) ચિતોશક્તિ

074. નીચેના સંધિવિગ્રહમાં કઈ સંધી સાચી નથી ?

(A) અધસ્ + કાય = અધઃકાય
(B) તપસ + ધન = તપોધન
(C) અધસ્ + ગતિ = અધોગતિ
(D) અધસ્ + કાય = અધોકાય

075. સંધિ જોડો : 'પિતૃ + આજ્ઞા'

(A) પિત્રુજ્ઞા
(B) પિતૃજ્ઞા
(C) પિતૃઆજ્ઞા
(D) પિત્રાજ્ઞા

076. સંધિનો વિગ્રહ કરો : 'સાધ્વી'

(A) સાધ + અવી
(B) સાધુ + અવી
(C) સાધુ + વી
(D) સાધુ + ઈ

077. સંધિનો વિગ્રહ કરો : 'ષડરિપુ'

(A) ષષ્ + રિપુ
(B) ષડ + રિપુ
(C) ષઃ + રિપુ
(D) શશ + રિપુ

078. સંધિ માટે નીચેનામાંથી કયું ખોટું છે ?

(A) ઐ + અ = આવ
(B) ઔ + અ = અવ
(C) આ + ઈ = આય
(D) એ + અ = અય

079. સમાસ ઓળખાવો : 'દુઃખવિમોચક'

(A) કર્મધારય
(B) તત્પુરુષ
(C) મધ્યમપદલોપી
(D) દ્વન્દ્વ

080. કર્મધારય સમાસનું ઉદાહરણ કયું છે ?

(A) ફૂલઝર
(B) રસભીનું
(C) ઘરજમાઈ
(D) રમાબહેન

081. કયો સામાસિક શબ્દ જુદો પડે છે ?

(A) ઊઠબેસ (B) હાથછડ

(C) શાકભાજી (D) દંપતી

082. સમાસ ઓળખાવો : 'રોકકળ'

(A) તત્પુરુષ (B) ઉપપદ

(C) મધ્યમપદલોપી (D) દ્વન્દ્વ

083. સમાસ ઓળખાવો : 'આયુધારા'

(A) કર્મધારય (B) બહુવ્રીહિ

(C) મધ્યમપદલોપી (D) ઉપપદ

084. મધ્યમપદલોપી સમાસનું ઉદાહરણ કયું છે ?

(A) નવરાત્રિ (B) પત્રચેષ્ટા

(C) મૂડીરોકાણ (D) મનગમતું

085. 'નવરાત્રિમાં શેરીશેરીમાં રાસગરબા રંગેચંગે યોજાયાં.' - જુદો પડતો સામાસિક શબ્દ તારવો.

(A) નવરાત્રિ (B) શેરીશેરી

(C) રાસગરબા (D) રંગેચંગે

086. 'સંસારસાગરના આવાગમનમાં સુખદુ:ખના તડકાછાયાની અવરજવર તો રહેવાની જ.' - જુદો પડતો સામાસિક શબ્દ તારવો.

(A) તડકાછાયા (B) આવાગમન

(C) સુખદુ:ખ (D) સંસારસાગર

087. નીચેનામાંથી કયો શબ્દ સમાનાર્થી નથી ?

અર્ભક, શાવક, ફરેબ, ડિંભ

(A) અર્ભક (B) શાવક

(C) ફરેબ (D) ડિંભ

088. સમાનાર્થી શબ્દોનો સાચો વિકલ્પ આપો :

(A) ઝેર, વિષણ્ણ, ગરલ (B) અવજ્ઞા, વિષણ્ણ, અવગણના

(C) ખિન્ન, વિષણ્ણ, ઉદાસ (D) જંતુ, વિષણ્ણ, કીટક

089. સમાનાર્થી શબ્દ આપો : 'ઓઝટ'

(A) ઝટપટ
(B) તમાચો
(C) ઓઝલ
(D) પંખી

090. સમાનાર્થી શબ્દ આપો : 'કચિયાણ'

(A) ભીડ
(B) કર્કશા સ્ત્રી
(C) કાબર
(D) ચકલી

091. સમાનાર્થી શબ્દ આપો : 'કૂલ'

(A) કરવાળો
(B) એકંદરે
(C) કિનારો
(D) જુમલો

092. ખાલી જગ્યામાં કયો વિકલ્પ યોગ્ય નથી ?

તમે લગ્નમાં .......... આવજો.

(A) સદાર
(B) સપત્ની
(C) સપત્નીક
(D) સજોડે

093. સમાનાર્થી શબ્દ આપો : 'નિર્ભર્ત્સના'

(A) મતમતાંતર
(B) છેતરપીંડી
(C) અબોલ
(D) દમદાટી

094. સમાનાર્થી શબ્દ આપો : 'ગોપ્તા'

(A) રક્ષક
(B) ગુપ્ત
(C) તસવીર
(D) ગુંબજ

095. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'ઊંટે ચઢીને ઊંઘવું'

(A) આરામદાયક સવારી કરવી
(B) ગમે ત્યાં ઊંઘી જવું
(C) અશક્ય કે અજુગતું કરવું
(D) ખૂબ ઉતાવળમાં આવવું

096. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'કાળા ગયા અને ધોળા આવ્યા'

(A) દેશી રાજાઓ ગયા અને અંગ્રેજો આવ્યા
(B) અંધારું ગયું અને અજવાળું થયું
(C) સજ્જનો ગયા અને દુર્જનો આવ્યા
(D) જુવાની ગઈ અને ઘડપણ આવ્યું

097. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'લાલ ઘોડીએ ચડવું'

(A) નશો કરવો

(B) લગ્ન કરવું

(C) પ્રતિષ્ઠા મળે એવું કામ કરવું

(D) ખૂબ ઉતાવળે જવું

098. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'ગધેડે ગવાવું'

(A) જ્યાં-ત્યાં ભટકવું

(B) નશામાં ગમે ત્યાં આળોટવું

(C) ખૂબ જ સસ્તું હોવું

(D) નિંદાપાત્ર ઠરવું

099. કયો રૂઢિપ્રયોગ જુદો પડે છે ?

(A) પાણીમાં લીટા કરવા

(B) હાથ અજમાવવો

(C) ચીંથરા ફાડવા

(D) ગોદડે ગાંઠ વાળવી

100. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'ગાડું દેખી ગુડા ભાગવા'

(A) ખાવાની ઈચ્છા થવી

(B) ટોળું જોઈ ભાગી જવું

(C) ચાલવાની શક્તિ ના હોવી

(D) સગવડ જોઈ આળસ આવવી

101. રૂઢિપ્રયોગનો અર્થ આપો : 'ઊમરો ઊઠવો'

(A) નસીબ રુઠવું

(B) ધંધામાં ખોટ જવી

(C) નિર્વંશ થવું

(D) દુઃખ આવવું

102. છંદ ઓળખાવો :

'આદિત્યનો અસ્ત થતાં, થાય છે અંધારુ ધબ
ફારબસ વિના એવી દુનિયા દેખાય છે.'

(A) અનુષ્ટુપ

(B) દોહરો

(C) મનહર

(D) મંદાક્રાન્તા

103. નીચેનામાંથી કયું ઉદાહરણ જુદું પડે છે

(A) દિન પરે દિન કૈંક વહી ગયા,
સચિવ તર્કવિતર્ક કરે સદા.

(B) પહેલાં ન ચડતો મને શ્વાસ આવો,
પહેલાં નહીં લાગતો થાક આવો.

(C) વણિક સંગ, પિછાણ પછી કરી,
દિન જતાં વધતી, વધતી ગઈ.

(D) શ્રવણ તો ધરજો જયદેવનાં,
કવન પવન રમ્ય રસે ભર્યાં.

104. છંદ ઓળખાવો :

'સાવિત્રી સિન્ધુમાં વ્હેતી, તરંગો ઊછળે તહીં.
નાવડું નાચતું ત્હેમાં આવતું જો ! દીસે અહીં.'

(A) અનુષ્ટુપ (B) દોહરો

(C) હરિગીત (D) મંદાક્રાન્તા

105. નીચેનામાંથી કયું હરિણી છંદનું ઉદાહરણ છે ?

(A) ઉનાળામાં લાંબા દિવસની ક્ષણો એમાં ખસતી,
ભર્યા રસ્તે જેની લગન વરઘોડા તણી ગતિ.

(B) મધુર નમણા ચહેરાઓનો ભવોભવનો ઋણી,
મુજ જીવનના પંથે છાયાદ્રુમો સમ જે હસ્યા.

(C) અંધારાના વિષમ પડઘા ઘોર ઝંકારતા'તા,
રાત્રિ કેરા અનિલ રણકા તારલે કો થાતા'તા.

(D) અખૂટ રસ પુરુષે સભર આત્મ હું તો ચહું,
જહીં મરણ એ મહોત્સવ અપૂર્વ જેવું હતું.

106. નીચેનામાંથી કયું હરિગીત છંદનું ઉદાહરણ છે ?

(A) દુનિયામાં હવે શાને, એરેરે ! હાય ! જીવવું ?

(B) રસીલાં રસયમુનામાં, વહન્તાં કંઈ આવતાં.

(C) ના સ્પર્શતી એ બીકથી તુજ રજ રખે જાતી ખરી.

(D) અહો યુગયુગાદીનાં પડ પરે પડો જે ચઢ્યાં.

107. સાચી જોડણી લખો.

(A) સર્વોત્કૃષ્ટ (B) સર્વાત્કૃષ્ટ

(C) સર્વોત્કૃષ્ઠ (D) સર્વત્કૃષ્ઠ

108. સાચી જોડણી લખો.

(A) પ્રવજર્યા (B) પ્રવ્રજ્યા

(C) પ્રવ્રર્જયા (D) પ્રવજર્યાં

109. ખોટી જોડણી શોધો.

(A) જીવાતુભૂત (B) અનુસ્યૂત

(C) વિદ્યાર્થિની (D) તીતિક્ષા

110. ખોટી જોડણી શોધો.

(A) શુદ્ધિકરણ

(B) વિલિનીકરણ

(C) આધુનિકીકરણ

(D) નવીનીકરણ

111. સાચી જોડણી લખો.

(A) નીરાભીમાની

(B) નિરાભિમાની

(C) નિરભિમાની

(D) નિરાભીમાની

112. અલંકારનું કયું ઉદાહરણ જુદું પડે છે ?

(A) કિરણ તણી કોમળ અંગુલિએ રમ્ય રચી રંગોળી.

(B) વિધવા, સમાજના જીર્ણ વૃક્ષનું શુષ્ક છોડિયું.

(C) રાતે તડકાએ સીમમાં રાતવાસો કર્યો હોય.

(D) લીલ લપાઈ બેઠી જળને તળિયે

113. અલંકાર ઓળખાવો : 'જ્યાં દેવોનો પરમ વર શો પુત્ર પામ્યો પનોતો.'

(A) રૂપક

(B) યમક

(C) ઉપમા

(D) ઉત્પ્રેક્ષા

114. આ પંક્તિમાં કયા બે અલંકારો છે ? 'કાઢી કાજળ પંક કાળજાની કોરનો.'

(A) રૂપક, વર્ણાનુપ્રાસ

(B) વ્યતિરેક, વર્ણાનુપ્રાસ

(C) રૂપક, પ્રાસસાંકળી

(D) ઉત્પ્રેક્ષા, પ્રાસાનુપ્રાસ

115. વ્યાજસ્તુતિ અલંકારનું ઉદાહરણ ઓળખાવો.

(A) અમારી સંસ્થા વિવિધ પ્રતિભાશાળી બાળકોનું સન્માન કરશે.

(B) ભાઈ, સ્વર્ગ એ તો સ્વર્ગ, આ મૃત્યુલોકમાં એની શી કલ્પના

(C) ખીણમાંથી સાગ છેક સૂર્ય સાથે હરીફાઈ કરવા મથે.

(D) ચાતક, ચકવા, ચતુર નર, પ્રતિદિન ફરે ઉદાસ,
ખર, ઘુવડ ને મૂર્ખ નર, સુખે નિજ વાસ.

116. અલંકારનું કયું ઉદાહરણ ખોટું છે ?

(A) ભૂખ કરતાંય ભીખ ભૂંડી છે. - વ્યતિરેક

(B) દુઃખના ઊગ્યાં ઝીણાં ઝાડ જો. - સજીવારોપણ

(C) સદાય ભજનનો વ્યાપાર. - યમક

(D) આ સાગર સમ સંસાર તરવો મુશ્કેલ છે. - ઉપમા

117. અલંકારનો કયો વિકલ્પ જુદો પડે છે ?

(A) પ્રાસસાંકળી, અંત્યાનુપ્રાસ, યમક, વર્ણાનુપ્રાસ

(B) અંત્યાનુપ્રાસ, યમક, શ્લેષ, પ્રાસસાંકળી

(C) રૂપક, શ્લેષ, અનન્વય, ઉપમા

(D) ઉત્પ્રેક્ષા, વ્યાજસ્તુતિ, રૂપક, વ્યતિરેક

118. વિરૂદ્ધાર્થી શબ્દ આપો : 'વ્યલીક'

(A) સાચું
(B) અનર્થ
(C) પરમાર્થ
(D) યથાર્થ

119. વિરૂદ્ધાર્થી શબ્દ આપો : 'અથ'

(A) તથા
(B) મતિ
(C) અનથ
(D) ઈતિ

120. વિરૂદ્ધાર્થી શબ્દ આપો : 'દાની'

(A) બેદાની
(B) ઉડાઉ
(C) કૃપણ
(D) નિઃદાની

121. વિરૂદ્ધાર્થી શબ્દ આપો : 'તાલિબ'

(A) ગાલીબ
(B) નિસ્પૃહ
(C) ખૂબ
(D) નિર્વ્યસની

122. વિરૂદ્ધાર્થી શબ્દ આપો : 'સવ્ય'

(A) જમણું
(B) નવ્ય
(C) દિવ્ય
(D) બધીર

123. વિરૂદ્ધાર્થી શબ્દ આપો : 'અદ્ય'

(A) ત્યાં
(B) સદ્ય
(C) પદ્ય
(D) કાલે

124. એક શબ્દ માટે શબ્દસમૂહ આપો : 'ઉપાન્ત્ય'

(A) પહેલાની છેલ્લું
(B) છેલ્લેની પહેલું
(C) પહેલાં અને છેલ્લાની વચ્ચેનું
(D) વચ્ચે અને છેલ્લાની વચ્ચેનું

125. એક શબ્દ માટે શબ્દસમૂહ આપો : 'અચિરપ્રભા'

(A) પૂનમની રાત્રિનું તેજ
(B) સવારે પૂર્વ દિશાનો ઉજાસ
(C) આકાશમાં ઝબૂકતી વીજળી
(D) ચોમાસાના મેઘધનુષનું તેજ

126. એક શબ્દ માટે શબ્દસમૂહ આપો : 'અમિતવ્યયી'

(A) મીઠા બોલ બોલનારું

(B) ક્યાંય નજર ના પહોંચે એવું

(C) પ્રિયજનને ખૂબ સમય આપનારું

(D) અમર્યાદિત ખર્ચ કરનારું

127. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : 'હાથીની સૂંઢની અણી.'

(A) સૂંઢણી

(B) કર્ણિકા

(C) નાથણી

(D) સૂંઢલિકા

128. કહેવતનો અર્થ આપો : 'આવ્યો આસો અને મેઘ નાસ્યો'

(A) સમય ગતિશીલ છે.

(B) આશા રાખીએ ત્યારે જ વરસાદ ન પડે.

(C) વાદળાં વિખેરાય અને તહેવારો આવે.

(D) ખૂબ આશાવાદ હતાશા જન્માવે.

129. કહેવતનો અર્થ આપો : 'એક તોલડી તેર વાનાં માંગે.'

(A) લગ્ન કર્યા પછી ખર્ચા વધે છે.

(B) સ્ત્રી અનેક વસ્તુઓ માંગે.

(C) એક કામ કરવા અનેક સાધનોની મદદ લેવી.

(D) કુટુંબ નિર્વાહ અઘરો છે.

130. કહેવતનો કયો વિકલ્પ જુદો પડે છે ?

(A) ભેંસ ચારે ભાણજી ને વરત ખાય વહાલિયો.

(B) જમવામાં જગલો અને કૂટવામાં ભગલો.

(C) લડે સિપાઈ ને જશ જમાદારને

(D) કીડીને કણ હાથીને મણ

131. સ્થગિત ઈજાફા વધુમાં વધુ કેટલા મળવાપાત્ર થાય છે ?

(A) એક

(B) બે

(C) ત્રણ

(D) ચાર

132. સરકારી હોસ્પિટલના કાન, નાક અને ગળાના તજજ્ઞ સર્જને આપેલ ખાસ પ્રમાણપત્રના આધારે સાંભળવાના સાધન (Hearing Aid) માટે એક કાન માટે કેટલા રૂપિયાની મર્યાદામાં સરકારી કર્મચારીને રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે ?

(A) રૂપિયા 30,000

(B) રૂપિયા 25,000

(C) રૂપિયા 20,000

(D) રૂપિયા 35,000

133. કોઈપણ રોગની સારવારમાં સરકારી હોસ્પિટલ / સરકારી હોસ્પિટલ સમકક્ષ / રાજ્ય સરકાર દ્વારા માન્ય હોસ્પિટલમાં નિયત કરવામાં આવેલ પેકેજ પૈકીની સારવારમાં ખર્ચ રૂપિયા એક લાખથી વધુ થતો હોય તો તે કિસ્સામાં સંભવિત ખર્ચના કેટલા ટકા સુધી બિનવ્યાજુકી પેશગી અધિકૃત ચિકિત્સકના પ્રમાણપત્રને આધારે ખાતાના વડા મંજૂર કરી શકે છે ?

(A) 60 ટકા

(B) 70 ટકા

(C) 75 ટકા

(D) 80 ટકા

134. સરકારી કર્મચારી માસિક તબીબી ભથ્થા અથવા રીએમ્બર્સમેન્ટ લેવા માંગે છે તે અંગેનો વિકલ્પ નિયત નમૂનામાં આપવાનો હોય છે. આપેલ વિકલ્પમાં સરકારી કર્મચારી ફેરફાર કરવા ઈચ્છતા હોય તો જે તે નાણાકીય વર્ષ પૂર્વે .......... સુધીમાં સંબંધકર્તા ઉપાડ અને વહેંચણી અધિકારી / તિજોરી અધિકારીને આપવાનો રહેશે.

(A) 25 માર્ચ
(B) 20 માર્ચ
(C) 15 માર્ચ
(D) 10 માર્ચ

135. સરકારી નોકરી માટે સરકારી તબીબી અધિકારી દ્વારા સરકારી કર્મચારીને અયોગ્ય જાહેર કરવામાં આવે તેવા કેસમાં તબીબી અધિકારીના નિર્ણયની જાણ થયાની તારીખ પછી કેટલા સમયમાં તેણે અપીલ કરવાની હોય છે ?

(A) પંદર દિવસની અંદર
(B) એક માસની અંદર
(C) બે માસની અંદર
(D) ત્રણ માસની અંદર

136. સરકારી કર્મચારીના રાજીનામાનો સ્વીકાર નીચેના પૈકી કયા કિસ્સાઓમાં થઈ શકે નહીં ?

1. નાણાની કોઈ નિશ્ચિત કે નિશ્ચિત થઈ શકે તેવી રકમ તેમની પાસે લેણી હોય અને તેની ચૂકવણી નોટીસ સમયગાળા દરમ્યાન, કરવામાં આવેલ ન હોય.
2. તે ફરજ મોકૂફી હેઠળ હોય.
3. તેની વિરૂદ્ધ કોઈ ખાતાકીય તપાસ કે ફોજદારી કાર્યવાહી અપેક્ષિત કે બાકી હોય.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

137. કચેરીના વડા અધિકારીએ સરકારી કર્મચારીને દર વર્ષે તેમના સેવાપોથી બતાવવાની હોય છે અને આ કાર્યવાહી કરી છે તે મતલબનું પ્રમાણપત્ર કચેરીના વડા અધિકારીએ તેના તરતના ઉપરી અધિકારીને દર વર્ષે .......... માસની આખર તારીખ સુધીમાં મોકલવાનું હોય છે.

(A) સપ્ટેમ્બર
(B) જૂન
(C) જુલાઈ
(D) ઓગસ્ટ

138. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો, 2002 સંદર્ભે નીચેના પૈકી કયું / કયા વિધાન /વિધાનો સાચું / સાચાં છે ?

(A) જે અધિકારીઓનું કાર્યક્ષેત્ર પુરૂં રાજ્ય હોય, તેઓ માલિકીની, ઉછીની લીધેલી કે ભાડાની કારમાં કરેલ મુસાફરી માટે નિયમાનુસાર પૂરા રોડા માઈલેજ ભથ્થું આકારી શકશે.

(B) આ સિવાયના અન્ય સરકારી અધિકારીઓ, પોતાની માલિકીની કે ઉછીની અથવા ભાડે લીધેલી કાર દ્વારા રેલવેથી સંકળાયેલ સ્થળોએ મુસાફરી કરે તો, રેલવેના ચોક્કસ માર્ગ પરના ઉપલબ્ધ ઉચ્ચતમ વર્ગના હક્કદાર હોય તે વર્ગના ભાડાની મર્યાદામાં રોડ માઈલેજ ભથ્થાં માટે હક્કદાર થશે.

(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

139. સરકારી કર્મચારી નિવૃત્તિ બાદ તેમના છેલ્લી ફરજના સ્થળેથી અન્ય સ્થળે કે જે ત્યાંથી વીસ કિ.મી. કે તેથી વધુ દૂર આવેલ હોય તે સ્થળે સ્થાયી થાય ત્યારે તેમના છેલ્લા માસિક મૂળ પગારના .......... જેટલી રકમનું સમાન સંયોજીત (કોમ્પોઝીટ) બદલી ભથ્થું ચૂકવી શકાય છે.

(A) 1/2
(B) 1/4
(C) 3/4
(D) 3/5

140. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 ના અર્થઘટન સંબંધમાં સરકારનો નિર્ણય આખરી ગણાશે.

(B) સરકારે રાજ્યના જાહેર સેવા આયોગ સાથે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવાને રહેશે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

141. કર્મચારીનો સામાન ચોરાઈ જવાથી અથવા અન્ય કારણસર ટિકિટ ગુમ થવાથી કર્મચારી રજા પ્રવાસ રાહતનો દાવો રજૂ કરતી વખતે પુરાવા રૂપે ટિકિટ રજૂ કરી શકતા નથી. આવા કિસ્સામાં મુસાફરી કર્યાના પુરાવા રૂપે અંશતઃ આધાર રજૂ કર્યો હોય અને તેનાથી સંતોષ થતો હોય તો, બાકી અંશતઃ ટિકિટો રજૂ કરવામાંથી કોણ મુક્તિ આપી શકે છે ?

(A) સંબંધિત વહીવટી વિભાગના સચિવ
(B) ખાતાના વડા
(C) કચેરીના વડા
(D) પગાર અને હિસાબી અધિકારી / તિજોરી અધિકારી

142. સરકારી કર્મચારી રજા પ્રવાસ રાહતનો ખોટો લાભ મેળવે ત્યારે સરકારમાં રજા પ્રવાસ રાહતની રકમ કેટલા ગણી સરકારમાં પરત કરવાની હોય છે અને આ રકમ કેટલા સમયમાં પરત કરવાની હોય છે ?

(A) ત્રણ ગણી, પંદર દિવસમાં
(B) બે ગણી, એક મહિનામાં
(C) ત્રણ ગણી, એક સપ્તાહમાં
(D) બે ગણી, એક સપ્તાહમાં

143. સરકારી કર્મચારી ફરજ બજાવવા, ફરીથી ક્યારેય યોગ્ય થશે જ નહીં તેવું તબીબી મંડળ ચોક્કસપણે કહી શકે તેમ ન હોય, ત્યારે રજા લેણી હોય તો રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારી એકંદરે કેટલા સમયથી વધુ નહિ તેટલી રજા મંજૂર કરી શકે છે અને તબીબી મંડળ સાથે વધુ પૂછાણ અર્થે મોકલ્યા સિવાય આવી રજાની મુદત લંબાવી શકતા નથી ?

(A) નવ માસથી
(B) બાર માસથી
(C) છ માસથી
(D) ત્રણ માસથી

144. સરકારી કર્મચારીની રજા પૂરી થયા પછીની ગેરહાજરી સંદર્ભે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ગેરહાજરીની મુદત માટેના કોઈપણ રજાના પગાર માટે હકદાર નથી.
2. આ મુદત અર્ધપગારની રજા હો તે રીતે તેના રજાના હિસાબમાં ઉધારવામાં આવશે.
3. પરંતુ જો એટલી રજા સિલકમાં ન હોય તો તેવી સિલક ઉપરાંતની રજાને અસાધારણ ગણવામાં આવશે.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

145. અભ્યાસ રજા મંજૂર કરવા માટે સક્ષમ સત્તાધિકારી નીચેના પૈકી કોણ છે ?

(A) સરકારી કર્મચારી સરકારના જે વહીવટી વિભાગ હેઠળ નોકરી કરતો હોય તે વિભાગ, નાણા વિભાગ સાથે પરામર્શ કરીને મંજૂર કરી શકશે.

(B) સરકારી કર્મચારી સરકારના જે વહીવટી વિભાગ હેઠળ નોકરી કરતો હોય તે વિભાગ.

(C) નાણા વિભાગ

(D) ખાતાના વડા

146. મહિલા સરકારી કર્મચારીને ગર્ભપાત (એમટીપી)ના કિસ્સામાં, પ્રસુતિ રજા .......... વર્ષમાં ફક્ત એક વાર મંજૂર કરી શકાય છે.

(A) બે

(B) ત્રણ

(C) પાંચ

(D) ચાર

147. વધુ મહત્ત્વની ફરજો કે જવાબદારીવાળી ન હોય તેવી બીજી જગા પર કર્મચારીની નિમણૂક વખતે પગારની બાંધણી સંબંધમાં નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) જો નવી જગાના પગારધોરણમાં તેની જૂની જગાના પગાર સમાન પગારનો તબક્કો હોય તો તે તબક્કે નક્કી થશે.

(B) જો નવી જગાના પગાર ધોરણને ન્યૂનતમ પગાર જૂની જગાના પગારધોરણમાં મળતા પગાર કરતા વધુ હશે તો તે ન્યૂનતમ પગારે તે પ્રારંભિક પગાર મેળવશે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

148. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) જ્યારે વ્યક્તિને બે વર્ષના અજમાયશ ઉપર નિમણૂક કરવામાં આવે અને અજમાયશનો સમયગાળો પૂરો કરેથી સેવામાં કે સંવર્ગમાં નિમણૂક આપવામાં આવે ત્યારે અજમાયશના પૂરા સમયને ઈજાફાપાત્ર ગણીને પગાર નક્કી થાય છે અને પાછલી બાકી રકમ ચૂકવવામાં આવે છે.

(B) અજમાયશી સમય પાછળથી કામગીરી અસંતોષકારક હોવાને કારણે લંબાવેલ હોય તેમાં ઉપર (A) ની જોગવાઈ લાગુ પડતી નથી.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

149. રાજ્યપાલ અથવા મંત્રીની સાથે ફરજ પર રહીને પોતાની ફરજના ક્ષેત્રાધિકારની ગેરહાજરીના સમય માટે સરકારી કર્મચારીના પગાર આકારવા માટે કોની સહી પૂરતી ગણાશે ?

(A) વિભાગના સંબંધિત ઉપસચિવ

(B) વિભાગના સંબંધિત નાયબ સચિવ

(C) વિભાગના નિયંત્રક અધિકારી

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

150. ગુજરાત રાજ્ય સેવા (તબીબી) સારવાર નિયમો, 2015 નીચેના પૈકી કોને લાગુ પડે છે ?

(A) ગુજરાત રાજ્યમાં વસતા ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતોને

(B) અખિલ ભારતીય સેવાના અધિકારીઓને

(C) નિયમીત ભરતી પ્રક્રિયાથી ફીક્સ પગારમાં નિમણૂંક પામેલા સરકારી કર્મચારીઓને

(D) ઉપરોક્ત (A) તથા (C) બંનેને

151. ગુજરાત રાજ્ય (તબીબી સારવાર) નિયમો, 2015 હેઠળ પ્રવાસ ભથ્થા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) જે સ્થળે દર્દી માંદો પડે એ સ્થળ અધિકૃત ચિકિત્સકનું મુખ્ય મથક ન હોય ત્યારે દર્દી આવા મુખ્ય મથકે મુસાફરી માટે આવવા જવાનું પ્રવાસ ભથ્થું મેળવી શકે છે.

(B) દર્દી દાંતના દાક્તર કે આંખના દાક્તરની સારવાર માટે મુસાફરી માટે પ્રવાસ ભથ્થું મેળવવા હક્કદાર રહેશે નહીં.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

152. ગુજરાત રાજ્ય (તબીબી સારવાર) નિયમો હેઠળ બહારના દર્દી તરીકે લીધેલ સારવારનો દાવો કેટલા સમય મર્યાદામાં રજૂ કરવાની જોગવાઈ છે ?

(A) ત્રણ માસની મર્યાદામાં

(B) બે માસની મર્યાદામાં

(C) છ માસની મર્યાદામાં

(D) એક વર્ષની મર્યાદામાં

153. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, 2002 અંતર્ગત "તબીબી સત્તાધિકારી" એટલે ..........

(A) સિવિલ સર્જન

(B) સિવિલ હોસ્પિટલના અધિક્ષક

(C) તબીબી મંડળ

(D) ઉપરોક્ત ત્રણ પૈકી કોઈપણ એક

154. "પેન્શનપાત્ર પગાર" એટલે સરકારી કર્મચારીએ છેલ્લા .......... માસની નોકરી દરમ્યાન મેળવેલો સરેરાશ પગાર.

(A) દસ

(B) બાર

(C) ચોવીસ

(D) છત્રીસ

155. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો), નિયમો, 2002 મુજબ "રાજપત્રિત સરકારી કર્મચારી" એટલે ..........

(A) જેની નિમણૂક રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવી હોય.

(B) સરકારના આદેશ દ્વારા કોઈપણ કક્ષાના સરકારી કર્મચારીને રાજપત્રિત સરકારી કર્મચારી તરીકે ગણેલ હોય.

(C) ખાતાના વડા કે કચેરીના વડા દ્વારા વર્ગ-2 ની જગાઓ પર નિમણૂક કરવામાં આવી હોય અને તેવી નિમણૂક રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ ન હોય.

(D) ઉપરોક્ત તમામ

156. કાયમી મુસાફરી ભથ્થાની રકમ નીચેના પૈકી કોના આધારે નક્કી કરવામાં આવે છે ?

1. પ્રવાસના દિવસોની નિયત સંખ્યા
2. પ્રવાસ કરવાના સરેરાશ માઈલેજ
3. જે તે સમયે પ્રવર્તમાન દૈનિક ભથ્થાનો દર
4. જે તે સમયે પ્રવર્તમાન માઈલેજ ભથ્થાનો દર

(A) ફક્ત 1, 2 અને 3
(B) 1, 2, 3 અને 4
(C) ફક્ત 1 અને 4
(D) ફક્ત 1, 3 અને 4

157. સરકારી કર્મચારીએ વાહન ભથ્થાની માગણી મૂકતા તેણે તેની મંજૂરીની પાત્રતા માટે ફરજ ઉપરની મુસાફરીઓ માટે ઓછામાં ઓછી કેટલા સમય માટે લોગબુક નિભાવવાની આવશ્યકતા રહેશે ?

(A) ત્રણ માસ
(B) છ માસ
(C) નવ માસ
(D) ચાર માસ

158. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સરકારી કર્મચારી પ્રવાસ દરમિયાન પ્રાસંગિક રજા ભોગવે તો તે રજા દરમ્યાન તે દૈનિક ભથ્થાનો હકદાર નથી.
(B) જે કોઈ દિવસે સરકારી કર્મચારી પોતાના મુખ્ય મથક અથવા મ્યુનિસિપલ હદની બહાર બેમાંથી જે વધુ દૂર હોય ત્યાંથી આઠ કિ.મી.ની ત્રિજ્યાની બહારના સ્થળે પહોંચતો ન હોય અથવા આવા સ્થળેથી તેના મુખ્ય મથકે પાછો ફરતો ન હોય તો તે દિવસ માટે દૈનિક ભથ્થુ આકારી શકશે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

159. સરકારી કર્મચારીએ જૂના મથકેથી જગ્યાનો હવાલો સુપરત કર્યાની તારીખ પહેલાં આગોતરા .......... થી ઓછા નહીં એટલા સમય અગાઉ અથવા નવી જગ્યાનો હવાલો સંભાળી લીધાની તારીખથી .......... સુધીમાં સરકારી કર્મચારીના પરિવારનો સભ્ય નવા સ્થળે જવા માટે પ્રવાસ કરે, તો તે સભ્યે કર્મચારી સાથે મુસાફરી કરી છે તેમ ગણી શકાશે.

(A) એક માસ, ત્રણ માસ
(B) બે માસ, ત્રણ માસ
(C) બે માસ, છ માસ
(D) એક માસ, છ માસ

160. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, 1971 ના નિયમોના હેતુ માટે "હડતાલ" એટલે .....

1. સરકારી કર્મચારીઓએ સમૂહમાં જોડાઈને કામ બંધ કરવું.
2. સરકારી કર્મચારીઓએ સાથે મળીને કામની ના પાડવી.
3. ગમે તેટલી સંખ્યાના સરકારી કર્મચારીઓની સહિયારી સમજ હેઠળ કામ કરવાની ના પાડવી.
4. ઓવરટાઈમ કામ કરવાની જરૂર હોય ત્યારે આવું કામ કરવાની ના પાડવી.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

161. રજા પ્રવાસ રાહતની જોગવાઈ નીચેના પૈકી કોને લાગુ પડતી નથી ?

1. જેમને આકસ્મિક ખર્ચમાંથી પગાર ચૂકવાતો હોય.

2. બીજા કોઈપણ પ્રકારની રજા પ્રવાસ રાહત માટે પાત્ર હોય.

3. ત્રણ વર્ષથી ઓછી નોકરી કરેલ હોય તેવા વર્કચાર્જ મહેકમ પરના કર્મચારી

4. એક વર્ષની સળંગ નોકરી પૂરી કરી ન હોય તેવા સરકારી કર્મચારી અને તેના કુટુંબને

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 2, 3 અને 4

162. રજા પ્રવાસ રાહત બાબતે નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો ખોટું / ખોટાં છે ?

1. સરકારી કર્મચારી/અધિકારી પ્રાસંગિક રજામાં રજા પ્રવાસ રાહતનો લાભ લઈ શકતા નથી.

2. સરકારી કર્મચારી/અધિકારી રૂપાંતરિત રજામાં રજા પ્રવાસ રાહતનો લાભ લઈ શકતા નથી.

3. વેકેશન ખાતામાં નોકરી કરતાં સરકારી કર્મચારી વેકેશનના સમયને રજા ગણી રજા પ્રવાસ રાહતનો લાભ લઈ શકે છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

163. રજા પ્રવાસ રાહત માટે હવાઈ મુસાફરીના સંબંધમાં વેબસાઈટ/એરલાઈન્સની સાઈટ પર દર્શાવેલ ભાડા ઉપરાંત પ્રત્યેક ટિકીટ દીઠ બુકીંગ ચાર્જ વધુમાં વધુ રૂપિયા .......... અથવા ટ્રાવેલ એજન્સીનો બુકીંગ ચાર્જ એ બેમાંથી જે ઓછું હશે તે ટ્રાવેલ એજન્સી પાસેથી કરવામાં આવેલ ટિકીટની ખરીદીમાં અથવા ઓનલાઈન ખરીદીના કિસ્સામાં મળવાપાત્ર છે.

(A) 100
(B) 200
(C) 50
(D) 250

164. કોઈ સરકારી કર્મચારી એપ્રિલ માસની પાંચમી તારીખે નોકરીમાં જોડાય છે તો તેના રજાના હિસાબમાં એપ્રિલ માસમાં કેટલી પ્રાપ્ત રજા જમા કરવાની થાય ?

(A) આઠ
(B) ત્રણ
(C) બે
(D) પાંચ

165. સરકારી કર્મચારીએ એક વર્ષની સળંગ નોકરી પૂરી કરી હોય તેમને ફેફસાના ક્ષય રોગ માટે કે ક્ષય પ્રકારની પ્લુરસી માટે સળંગ કેટલા સમયની અસાધારણ રજા મંજૂર કરી શકાય છે ?

(A) નવ માસની
(B) બાર માસની
(C) પંદર માસની
(D) છ માસની

166. 120, 99, 80, 63, 48, ____?

(A) 35 (B) 38

(C) 39 (D) 40

167. AZ, CX, FU, ____?

(A) IR (B) IV

(C) JQ (D) KP

168. એક પરિવારમાં ચાર સંતાનો છે. બે સંતાનો કાળી આંખ ધરાવે છે અને બે સંતાનો માંજરી આંખ ધરાવે છે. કુલ સંતાનો પૈકી અડધા સંતાનો દિકરીઓ છે. ઉપરોક્ત હકીકતોએ નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. ઓછામાં ઓછી એક દિકરી કાળી આંખ ધરાવે છે.

2. સંતાનો પૈકી બે દિકરાઓ છે.

3. દિકરાઓ માંજરી આંખ ધરાવે છે.

(A) ફક્ત 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

169. પુસ્તક (નીચેના પૈકી કયું આવશ્યક ઘટક છે ?)

(A) કાલ્પનિક (B) પૃષ્ઠો

(C) ચિત્રો (D) શીખવું

170. જૂતા (નીચેના પૈકી કયું આવશ્યક ઘટક છે ?)

(A) તળીયું (sole) (B) ચામડું

(C) દોરી (laces) (D) ચાલવું (walking)

171. બેંક ઓફ ઈન્ડિયામાં રૂપિયા 40,000/- રોકડા ભરી બેંક ખાતુ ખોલાવ્યું જે સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) ધંધાની ચોખ્ખી મીલકતોમાં વધારો થાય. (B) ધંધાની ચોખ્ખી મીલકતોમાં ઘટાડો થાય.

(C) ધંધાના મૂડી અને દેવા બંનેમાં વ્યસ્ત અસર થાય. (D) ધંધાની કુલ મીલકતોમાં કોઈ ફેરફાર થતો નથી.

172. વેપારી વટાવ સંદર્ભે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. વેપારી વટાવની હિસાબી ચોપડે નોંધ થતી નથી.

2. વેપારી વટાવ રોકડ તેમજ ઉધાર વ્યવહાર બંને પર આપવામાં આવે છે.

3. વેપારી વટાવ આપવાનો ઉદ્દેશ્ય વધુ જથ્થામાં માલ વેચાણ કરવાનો છે.

4. વેપારી વટાવની નોંધ ખરીદનાર વેપારી નાણા ચૂકવે ત્યારે પોતાના હિસાબી ચોપડે કરે છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 2

173. જમા ખર્ચી વ્યવહાર બાબતે નીચેના પૈકી કયાં સાચાં છે ?

1. જમા ખર્ચી વ્યવહારની રોકડમેળની ઉધાર અને જમા એમ બંને બાજુ અસર આવે છે.
2. જમા ખર્ચી વ્યવહારની ખતવણી કરવામાં આવતી નથી.
3. પાસબુકમાં જમા થયેલ બેંક વ્યાજ જમા ખર્ચી વ્યવહારનું ઉદાહરણ છે.
4. જમા ખર્ચી વ્યવહારમાં રોકડ વટાવ આપવામાં આવે અથવા તો મેળવવામાં આવે છે.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 3

(C) 1, 2, 3 અને 4

(D) ફક્ત 3 અને 4

174. એક મીલકત તારીખ 1/1/2015 ના રોજ રૂા. 1 લાખની કિંમતે ખરીદી કરવામાં આવી જેના પર ઈન્સ્ટોલેશન ચાર્જ રૂા. 20 હજાર ચૂકવવામાં આવ્યા અને અંદાજીત આયુષ્ય 10 વર્ષ નક્કી કરવામાં આવ્યું. ઉપયોગી આયુષ્યને અંતે તેની ભંગાર કિંમત રૂા. 10 હજાર નક્કી કરવામાં આવી તો તા. 1/1/2019 ના રોજ સીધી લીટી મુજબ મીલકતની ઘસારાબાદ કિંમત કેટલી હશે ? (ઘસારા માટેનું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર)

(A) 87 હજાર

(B) 77 હજાર

(C) 76 હજાર

(D) 66 હજાર

175. નીચેના પૈકી કયું સમીકરણ ખોટું છે ?

(A) કાચો નફો = વેચાણ – વેચેલ માલની પડતર

(B) વ્યવસ્થીત ખરીદી = શરૂનો સ્ટોક + ખરીદી – ખરીદ પરત – આખરનો સ્ટોક

(C) કામગીરી નફો = કાચો નફો – કામગીરીના ખર્ચા

(D) કામગીરી ખર્ચા = સામાન્ય વહીવટી ખર્ચા

176. જો કર્મચારીને દૈનિક દર અથવા છુટક દરથી કામ પર રાખવામાં આવેલ હોય તો એમ્પલોઈઝ પ્રોવિડન્ટ ફંડ એક્ટ 1952 મુજબ ફાળાની ગણતરી કયા ધોરણે કરવામાં આવે છે ?

(A) કર્મચારીને કેલેન્ડર માસમાં ચુકવાયેલ મજૂરીની કુલ રકમ ફાળાની ગણતરી સારૂ ધ્યાનમાં લેવામાં આવશે.

(B) કર્મચારીને કામ શરૂ કર્યા તારીખથી 1 માસ પૂર્ણ થયેથી ચૂકવવામાં આવેલ કુલ મજૂરીની રકમ ફાળાની ગણતરી સારૂ ધ્યાનમાં લેવામાં આવશે.

(C) કર્મચારીને દર 15 દિવસે ચુકવાયેલ મજૂરીની કુલ રકમ ફાળાની ગણતરી સારૂ ધ્યાનમાં લેવામાં આવશે.

(D) ઉપરોક્ત તમામ

177. કર્મચારી નોકરી છોડ્યા બાદ પોતાના EPF ખાતામાં રકમ જમા કરાવી શકતો નથી તેના માટે નીચેના વિધાનો સંદર્ભે કયો વિકલ્પ સૌથી યોગ્ય છે ?

(A) મજૂરી / પગારની રકમની ગેરહાજરીમાં કોઈ કર્મચારી ફાળાની કપાત થઈ શકે નહીં.

(B) નોકરીએ રાખનારની ગેરહાજરીમાં કર્મચારીના કર્મચારી ફાળાની રકમની કપાત થઈ શકે નહીં.

(C) મજૂરી / પગારની રકમની ગેરહાજરીમાં કર્મચારીના ફાળા સામે માલિકના Matching contribution નો પ્રશ્ન ઉપસ્થિત થાય.

(D) કર્મચારી પોતે સીધા પોતાના EPF ખાતામાં પૈસા જમા કરાવશે.

178. એમ્પ્લોઈઝ પેન્શન સ્કીમ 1995 મુજબ એમ્પ્લોઈઝ પેન્શન ફંડના ઓડિટ સંદર્ભે નીચના વિધાનો સંદર્ભે આપવામાં આવેલ કયો વિકલ્પ સૌથી યોગ્ય છે ?

1. એમ્પ્લોઈઝ પેન્શન ફંડ ઓડિટને પાત્ર છે.
2. એમ્પ્લોઈઝ પેન્શન ફંડ ઓડિટને પાત્ર નથી.
3. એમ્પ્લોઈઝ પેન્શન ફંડ આ યોજના ચલાવવા કરવામાં આવેલ ખર્ચ ઓડિટને પાત્ર છે.
4. એમ્પ્લોઈઝ પેન્શન ફંડના ઓડિટ ભારત સરકાર તેમજ ભારત સરકારના કન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા વખતોવખત આપવામાં આવેલ સૂચના મુજબ થાય છે.

(A) ફક્ત 2
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 3 અને 4
(D) ફક્ત 1 અને 4

179. એમ્પ્લોઈઝ પેન્શન સ્કીમ, 1995 નો અમલ કઈ તારીખથી કરવામાં આવેલ છે ?

(A) 16મી નવેમ્બર, 1995
(B) 16મી ડીસેમ્બર, 1995
(C) 16મી ઓક્ટોબર, 1995
(D) 16મી સપ્ટેમ્બર, 1995

180. આવકવેરા સંદર્ભે "સુપર સીનીયર સીટીઝન" એટલે .......... વર્ષ કરતાં વધુ વય ધરાવતી હોય એવી વ્યક્તિ.

(A) 60
(B) 65
(C) 70
(D) 80

181. આવકવેરા સંદર્ભે જો નાણાકીય વર્ષ 2021-2022 હોય તો તેનું સંલગ્ન આકારણી વર્ષ .......... થશે.

(A) 2020-2021
(B) 2021-2022
(C) 2022-2023
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

182. ગુજરાતમાં રૂા. .......... ના માસિક પગાર સુધી વ્યવસાય વેરો લાગુ પડતો નથી.

(A) 5999
(B) 6999
(C) 7999
(D) 8999

183. નીચેના પૈકી કયા ઉત્પાદનો GST ના વ્યાપમાં આવતાં નથી ?

(A) સિમેન્ટ

(B) સ્ટીલ

(C) માનવ વપરાશ માટેનો દારૂ

(D) પ્લાસ્ટીકની થેલીઓ

184. GST હેઠળ વસ્તુઓ અને સેવાઓના નિકાસ બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) નિકાસને શૂન્યિ દરના (zero rated) પૂરવઠો (supplies) તરીકે ગણવામાં આવે છે.

(B) નિકાસ ઉપર CGST અને SGST ભરવાપાત્ર થાય છે.

(C) નિકાસકાર GST ના ચુકવણા કર્યા વગર વસ્તુઓ અને સેવાઓની નિકાસ કરી શકતો નથી.

(D) નિકાસકારને ઈનપુટ ટેક્ષની ક્રેડીટ (Credit of Input Tax) ઉપલબ્ધ નથી.

185. વેતન સંહિતા 2019 મુજબ હિસાબી વર્ષ ..........

(A) 1 જાન્યુઆરીથી શરૂ થતું વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

(B) 1 એપ્રિલથી શરૂ થતું વર્ષ નક્કી કરવામાં આવે છે.

(C) ધંધો શરૂ થયા તારીખથી 1 વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

(D) ઉપરોક્ત પૈકી કોઈપણ 1 વર્ષ નક્કી કરી શકાય જે ભવિષ્યમાં બદલી શકાય નહીં.

186. જ્યારે વેતન સંહિતા 2019 હેઠળ પગાર / બોનસના ચૂકવણાં સંદર્ભે દાવો ઉપસ્થિત થાય ત્યારે આવું ચૂકવણું યોગ્ય રીતે થયેલ છે. તેના સારુ “Burden of Proof” કોના શીરે રહેશે ?

(A) કર્મચારી

(B) નોકરી પર રાખનાર સંસ્થા

(C) સરકારશ્રી

(D) કન્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા

187. વેતન સંહિતા 2019 હેઠળ કોઈ કર્મચારીને નીચેના પૈકી કયા કારણસર બરતરફ કરવામાં આવેલ હોય તો તે બોનસને લાયક બને નહીં ?

(A) છેતરપીંડી

(B) નાણાની ઉચાપત

(C) સંસ્થાના પરીસરમાં તોફાની તેમજ હિંસક વર્તણૂંક

(D) ઉપરોક્ત તમામ

188. પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ 1972 હેઠળ કર્મચારીની પાંચ વર્ષની સેવા બાદ નીચેના કયા કિસ્સામાં સેવાનો અંત આવતાં ગ્રેજ્યુઈટી મળવાપાત્ર થાય છે ?

(A) વયનિવૃત્તી

(B) રાજીનામું

(C) મૃત્યુ

(D) ઉપરોક્ત તમામ

189. ફેક્ટરીઝ એક્ટની કલમ 2 મુજબ 'પુખ્ત' (adult) વ્યક્તિ ઓછામાં ઓછી .......... વર્ષની વય ધરાવતો હોવો જોઈએ.

(A) 18 | (B) 19

(C) 21 | (D) 24

190. સિવાય માઈન્સ વિસ્તારમાં (mine premises) ખાનગી વાહન પ્રવેશી શકશે નહીં.

(A) એજન્ટ | (B) મેનેજર

(C) માઈનના માલિક | (D) મદદનીશ મેનેજર

191. નીચેના પૈકી કયું વેબસાઈટ બનાવવા માટેનું free source web development IDE છે ?

(A) KompoZer | (B) HTML

(C) SciTE | (D) Base

192. નીચેના પૈકી કોણે JavaScript ડેવલપ કરી ?

(A) Yahoo | (B) Google

(C) Wikipedia | (D) Netscape

193. સીલેક્ટ કરેલા વાક્યના તમામ અક્ષરોને 'Capital letters' અથવા 'Small letters' માં ફેરવવા માટે નીચેના પૈકી કયું ઉપયોગમાં લેવામાં આવે છે ?

(A) Change letter | (B) Change sentence

(C) Change case | (D) Change word

194. ERP એટલે .....

(A) Enterprise Resource Planning

(B) Enterprise Resource Programming

(C) Enterprise Revenue Planning

(D) Enterprise Revenue Programming

195. ORACLE ડેટાબેઝ ડેવલપર નીચેના પૈકી કઈ ભાષાઓ applications ડેવલપ કરવા માટે વાપરી શકે છે ?

(A) Java | (B) COBOL

(C) PL / SQL | (D) ઉપરોક્ત તમામ

196. દેશમાં .......... નું સૌથી વધુ વેચાણ ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન કરે છે.

(A) જસત | (B) તાંબુ

(C) બોક્સાઈટ | (D) લિગ્નાઈટ

197. ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન સંચાલિત એકરીમોટા વિદ્યુતમથક .......... જિલ્લામાં આવેલું છે.

(A) બનાસકાંઠા
(B) કચ્છ
(C) સુરેન્દ્રનગર
(D) મોરબી

198. ગુજરાતમાં નીચેના પૈકી કયા જિલ્લાઓમાં મેંગેનીઝનો જથ્થો મળી આવ્યો છે ?

1. પંચમહાલ 2. વડોદરા 3. દાહોદ

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

199. ગુજરાત સરકારે ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનને નીચેના પૈકી કયા જિલ્લામાં ફ્લોરસ્પર લગત **Fluorspar Beneficiation Plant** ની મંજૂરી આપી છે ?

(A) વડોદરા
(B) ખેડા
(C) નડીયાદ
(D) છોટાઉદેપુર

200. ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં ગુજરાત સરકારની માલીકીના કેટલા ટકા શેર-હિસ્સો છે ?

(A) 51%
(B) 68%
(C) 74%
(D) 100%